# **સ્વ રોજગાર યોજનાઓ**

**–: અનુક્રમણિકા :–**


(૧) **કુટિર ઉદ્યોગ ખાતાની યોજનાઓ :–**
(અ) શ્રી બાજપાઈ બેંકેબલ યોજના
(બ) માન.વડા પ્રધાનશ્રીની રોજગાર યોજના (પી.એમ.આર.વાય)
(ક) માનવકલ્યાણ યોજના (સાધના/ઓજાર સ્વરૂપમાં)
(ડ) શ્રી બાજપાઈ બેંકેબલ યોજના/માન.વડા પ્રધાનશ્રીની રોજગાર યોજના (પી.એમ.આર.વાય) હેઠળ ૩૬૭ પ્રોજેકટ પ્રોફાઈલ્સની યાદીઓ.
(૨) મહિલા આર્થિક વિકાસ નિગમની યોજનાઓ.
(૩) ગુજરાત અનુ.જાતિ આર્થિક વિકાસ નિગમની યોજનાઓ.
(૪) અનુસુચિત જનજાતિઓ માટેની આદિવાસી વિકાસ ખાતાની તથા ગુજરાત આદિજાતિ વિકાસ નિગમની યોજનાઓ.
(૫) સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગો માટેની સમાજ કલ્યાણ વિભાગ (વિકસતી જાતિ) તથા ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ લિ.ની યોજનાઓ.
(૬) ગુજરાત અલ્પ સંખ્યક નાણા અને વિકાસ નિગમ લી.ની લઘુમતીઓ માટેની યોજનાઓ.
(૭) સુવર્ણજયંતિ શહેરી રોજગાર યોજના.
(૮) પશુપાલન ખાતાની યોજનાઓ :–
(એ) ખેતીવાડી સ્નાતકો ધ્વારા એગ્રો સર્વીસ સ્ટેશનો ખોલવાની યોજના :
(બી) બેરોજગાર પશુ ચિકિત્સા સ્નાતકોને ખાનગી દવાખાનું શરૂ કરવા સહાયની યોજના.


**શ્રી બાજપાઈ બેંકેબલ યોજના :–**

રાજય સરકારશ્રી તરફથી તા.૧/૪/૨૦૦૧થી અમલમાં મુકવામાં આવે તે રીતે બેંકેબલ યોજના તેમજશ્રી બાજપાઈ યુવા સ્વરોજગાર યોજના કે જે બન્ને યોજના અલગથી ચાલતી હતી તે બન્ને યોજના મર્જ કરીને નવી યોજના શ્રી બાજપાઈ બેંકેબલ યોજનાનાં નામાભિકરણથી અમલમાં મુકેલ છે.

**(૧) પ્રોજેકટ મર્યાદા :–**

ઉદ્યોગ અને સેવા પ્રકારનાં ધંધાઓ માટે જે અગાઉ રૂા.૧.૦૦ હતી તે વધારીને ૨.૦૦ લાખ કરવામાં આવેલ છે. જયારે વેપાર પ્રકારના ધંધા માટે રૂા.૧.૦૦ લાખ રહેલ છે. આ યોજના હેઠળ પ્રોજેકટની મર્યાદામાં વિસ્તરણ માટે પણ લાભ આપી શકાશે .ફકત કાચામાલ (ચાલુમુડી) માટે લોન આપી શકાશે નહી.

**(૨) પાત્રતા :–**

આ યોજના હેઠળ ૧૮ થી ૫૦ વર્ષ સુધી વય ધરાવતી વ્યકિત કે જે શિક્ષિત બેરોજગાર તેમજ ઓછામાં ઓછું ધો–૪ પાસ હોય અથવા ખાનગી કે સરકાર માન્ય સંસ્થામાંથી વ્યવસાયને અનુરૂપ ઓછામાં ઓછા ત્રણ માસની તાલીમ લીધેલ હોય અથવા એક વર્ષનો ધંધાને લગતો અનુભવ ધરાવતા હોય અથવા વારસાગત હોય તેવા કારીગરોને લાભ મળી શકે છે.

**(૩) જામીનગીરી :–**

રૂા.૧૦,૦૦૦/–થી ઉપરની લોન માટે રીઝર્વબેંક ઓફ ઈન્ડીયાના નિયમોનુસાર જામીન આપવાનાં રહેશે.

**(૪) માર્જીનમની :–**

લાભાર્થીને ચુકવવામાં આવતી સહાય માર્જીનમની તરીકે ગણવાની હોય છે જેથી બેંકો માર્જીનમની માટે આગ્રહ રાખશે નહી છતાં બેંકો રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાની માર્ગદર્શક સૂચનાઓ અનુસરશે.

**(૫) લોનની રીકવરી :–**

(૧) લોનનાં હપ્તા ધીરાણ આપ્યા બાદ છ માસ બાદ શરૂ કરવાના રહેશે લોન ભરપાઈ કરવાની મુદત ૩ થી ૫ વર્ષ સુધીની રહેશે.

(૨) બેંકો લોનની વસુલાત માટે જવાબદાર રહેશે, પરંતુ રીકવરી ન આવે તેવા કિસ્સામાં જે તે એજન્સીએ બેન્કોને સહકાર આપવાનો રહેશે.

(૩) લોનનો ઉપયોગ જે તે હેતુ માટે ન કરતા અથવા વસાવેલ મિલ્કતનું નિર્ધારીત મુદત દરમ્યાન વેચાણ થાય અથવા એકમ બંધ થાય અથવા લાભાર્થી લોનનાં હપ્તા ન ભરે તેવા કિસ્સામાં લોન જમીન મહેસુલ રાહે વસુલાત કરવાની રહેશે અને જરૂર જણાયે બેન્કે લાભાર્થીની વિરૂધ્ધ પોલીસ કાર્યવાહી કરી શકશે અને તેમાં જે તે એજન્સીએ સહકાર આપવાનો રહેશે.

(૬) **લોનની ચુકવણી :–**

(૧) બેંકોએ લોન અરજી મળ્યેથી રીઝર્વબેંકના નિયમોનુસાર (પંદર દિવસમાં) અરજીનો નિકાલ કરવાનો રહેશે.

(૨) બેંકોએ ધિરાણ આપ્યા બાદ જે તે હેતુ માટે લોનનો વપરાશ કરેલ છે કે કેમ ? તેની ખાત્રી ત્રણ માસમાં કરી પ્રમાણપત્ર સાથે જાતિ પ્રમાણે અલગ અલગ સબસીડીના કલેઈમ મોકલી આપવાનાં રહેશે.

(૩) બેંકો તરફથી આવેલ સબસીડી કલેઈમોની સીનીયોરીટી પ્રમાણે અને ગ્રાન્ટની ઉપલબ્ધી પ્રમાણે એજન્સીએ ચુકવી આપવાનાં રહેશે.

(૪) દરેક લાભાર્થીઓને લોન અંગેની પાસબુક જે તે બેંકો તરફથી આપવાની રહેશે અને વખતો વખત તેમાં એન્ટ્રી પાડી આપવાની રહેશે.

(૫) બેંકોએ નિયમીતપણે માસીક રીપોર્ટ (એમપીઆર) જીલ્લા ઉદ્યોગ કેન્દ્રોને મોકલી આપવાના રહેશે.

(૭) **સહાયના ધોરણો :–**

૧. શ્રી બાજપાઈ બેંકેબલ યોજના હેઠળ સબસીડી (સહાય)ની મહત્તમ મર્યાદા નીચે મુજબ રહેશે.

(અ) ધંધા (વેપાર) ક્ષેત્ર માટે રૂા.૭૫૦૦/–
(બી) સેવાક્ષેત્ર માટે રૂા.૧૦૦૦૦/–
(સી) ઉદ્યોગક્ષેત્ર માટે રૂા.૨૦૦૦૦/–

આ યોજના હેઠળ ઉદ્યોગ,સેવા અને ધંધા માટે સબસીડીનો દર નીચે મુજબ રહેશે. આ દરો તા.૧/૪/૨૦૦૧ થી અમલમાં આવશે.

| અ.ન. | લોનની રકમ | અનુ.જનજાતિ | અનુ.જાતિ | અન્ય | ૪૦ટકા કે તેથી વધુ ખોડખાંપણ વાળા | ૪૦ ટકા થી ઓછી ખોડખાંપણ વાળા |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦,૦૦૦/–સુધી | ૪૦ ટકા | ૪૦ ટકા | ૨૫ ટકા | ૫૦ ટકા | ૫૦ ટકા |
| ૨ | ૨,૦૦૦૧ થી એક લાખ સુધી | ૩૦ ટકા | ૨૫ ટકા | ૨૦ ટકા | ૪૦ ટકા વધુમાં વધુ ૩૦૦૦૦/– | ૩૦ ટકા વધુમાં વધુ ૩૦૦૦૦/– |

**શ્રી બાજપાઈ બેંકેબલ યોજનાની લોન અરજી સાથે આપવાની વિગતો સાધનીક કાગળો (બે નકલમાં) : –**

(૧) નિયત નમૂનાનું અરજીપત્રક – બે નકલમાં
(૨) અરજીપત્રકના જમણાં ભાગમાં અરજદારનો પાસપોર્ટસાઈઝનો ફોટો ચોટાડવો.
(૩) રેશન કાર્ડ પ્રથમ / બીજા પાનાની ઝેરોક્ષ નકલ.
(૪) ઉમર અંગેનો આધાર– શાળા છલડ્યાનું પ્રમાણપત્ર.
(૫) આવકનો દાખલો.
(૬) રેશન કાર્ડ પ્રથમ / બીજા પાનાની ઝેરોક્ષ નકલ.
(૭) અધિકૃત અધિકારીનો જાતિનો દાખલો.
(૮) અનુભવ– તાત્રિક તાલીમનો દાખલો.
(૯) ખરીદ કરવામાં આવેલ સાધન/ ઓજાર મશીનરીમાં સેલ્સટેક્ષ નંબર ધરાવતા વેપારી / ઉત્પાદકનાં ભાવપત્રકો.
(૧૦) જે સ્થળે / જગ્યાએ ધંધો કરવાનો હોય તે સ્થળનો આધાર જેવાં કે સીટી સર્વેની નકલ, ભાડાચીઠ્ઠી વેરા બીલની નકલ.
(૧૧) જે સ્થળે ધંધો કરવાના હોય તે સ્થળનું વિજળીબીલ.
(૧૨) ધંધાના સ્થળનું વિજળીબીલ જેના નામે હોય તેનું વાપરવા માટેનું સંમતિપત્ર.
(૧૩) રૂા. ૧૦,૦૦૦/– થી વધુ રકમની લોનની માંગણી હોય તો બે મિલ્કતવાળા જામીનની મિલ્કતનો આધાર જેવા કે વેરાબીલ સીટી સર્વેની નકલ જમીન હોય તો ૮–અ અને ૭–૧૨ નો ઉતારો નોકરીયાત હોય તો પગાર સ્લીપની નકલ.

**શ્રી બાજપાઈ બેંકેબલ યોજના અન્વયે મળેલી લોન અરજીઓ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રો નીચે દર્શાવેલ નાણાંકીય સંસ્થાઓને ભલામણ કરી મોકલશે .**

(૧) દેરક જાહેરક્ષેત્રની બેંકો.
(૨) દરેક નાગરિક સહકારી બેંકો.
(૩) ગુ. ઈન્ડસ્ટ્રીયલ કો.ઓ. બેંક.
(૪) દરેક જીલ્લા સહકારી બેંકો (ડીસ્ટીકટ સેન્ટ્રલ કો.ઓ.બેંક)
(૫) ગ્રામીણ બેંકો.

(૬) ગુજરાત સ્ટેટ કો.ઓ. લેન્ડ ડેવલપમેન્ટ બેંક.
(૭) ગુજરાત રાજ્યના નાણાંકીય નિગમ.
(૮) ગુજરાત રાજ્ય આદિવાસી વિકાલ નિગમ.
(૯) ગુજરાત રાજ્ય અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ.
(૧૦) ગુજરાત રાજ્ય પછાતવર્ગ વિકાસ નિગમ.
(૧૧) ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ.

ઉપર્યુકત નાણાંકીય સંસ્થા/બેંકો તરફથી વ્યાજનો દર રિર્ઝવ બેંક ઓફ ઈન્ડિયાની સૂચના પ્રમાણે લોનની
રકમ આપવામાં આવેલ હશે તેના પર લેવામાં આવશે.

**(૨) શિક્ષિત બેરોજગાર માટે વડા પ્રધાનશ્રીની સ્વરોજગાર યોજના (ેચથ) :–**

શિક્ષિત બેરોજગારોને રોજગારી પૂરી પાડવાની આ યોજના તા. ૧૫/૮/૯૩ થી વડા પ્રધાનશ્રી ધ્વારા જાહેર કરવામાં આવી છે. આ યોજનાનું અમલીકરણ તા. ૨–૧૦–૯૩ થી કરવામાં આવેલ છે.

(૧) હેતુઃ–

આ યોજનામાં ૭ લાખ માઈક્રો એન્ટરપ્રાઈઝ સ્થાપી દશ લાખ કરતા વધુ શિક્ષિત બેરોજગારોને ઉદ્યોગ, સેવા અને વેપાર પ્રકારની પ્રવૃત્તિના રોજગાર માટે રોજગારીની તકો પૂરી પાડવાની છે.

(૨) આ યોજનાના લાભાર્થી નીચે મુજબ લાયકાત ધરાવતા હોવા જરૂરી છે.
   (ક) અન્ય જાતિના તમામ શિક્ષિત બેરોજગારની ઉમર ૧૮ થી ૩૫ વર્ષ હોવી જરૂરી છે. જયારે અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, એકસ સર્વિસમેન, મહિલા તથા અપંગ વ્યકિતઓના કિસ્સામાં ૧૦ વર્ષની છૂટછાટ રહેશે.
   (ખ) અરજદાર ધોરણ–૮ પાસ હોવો જોઈએ. અથવા સરકાર માન્ય સંસ્થામાં કોઈપણ પ્રકારનાં ટ્રેડની ઓછામાં ઓછી ૬ માસની તાલીમ મેળવેલ હોય તેવા અરજદારને પહેલી પસંદગી આપવામાં આવશે.
   (ગ) ઓછામાં ઓછા ત્રણ વર્ષનો જે તે વિસ્તારનો રહેવાસી હોવો જોઈએ. આ માટે રેશનીગ કાર્ડ જરૂરી પુરાવો ગણાશે પરંતુ રેશનકાર્ડ ન હોય તો ટાસ્કફોર્સ કમીટી નકકી કરે તે.
   (ઘ) લાભાર્થીની કુંટુંબની વાર્ષિક આવક રૂા. ૨૪૦૦૦/– સુધીની હોવી જોઈએ. આ હેતુઓ માટે કુટુંબ એટલે લાભાર્થીના પતિ/પત્નિ અને માતાપિતા ગણવાના છે. આવકમાં તમામ સ્તોત્રની આવક, પગાર, પેન્શન, ખેતીની આવક, વેપારની, મકાન ભાડાની આવક ગણવાની છે. પરણિત મહિલાની આવકની ગણતરીમાં તેના સસરાની આવક ગણતરીમાં લેવામાં આવશે.
   (ચ) અરજદાર રાષ્ટ્રીયકૃત બેંક/ નાણાંકીય સંસ્થા દ્વારા સરકારી યોજનાનો લાભ લીધો હોય તેવા ઉમેદવાર આ યોજનાને પાત્ર થશે નહીં.
   (છ) આ યોજના હેઠળ કોઈપણ આર્થિક રીતે પોષણક્ષમ પ્રોજેકટ હોય તે ધિરાણને પાત્ર બનશે તેમાં ખેતી વિષયક અને ખેતી આધારિત ધંધાનો સમાવેશ થશે પરંતુ સીધા ખેતી ઉત્પાદન તથા તેની ખરીદીનો સમાવેશ થતો નથી.

**અનામત :–**

મહિલાઓ સહિત સમાજનાં નબળા વર્ગનાં લોકોને ખાસ પસંદગી અપાય છે. આ યોજનામાં અનુસુચિત
જાતિ/ અનુસુચિત જનજાતિ માટે ૨૨.૫% ટકા તથા અન્ય પછાતવર્ગનાં લાભાર્થીઓ માટે ૨૭ % અનામત
રાખેલ છે.

**પ્રોજેકટ કોસ્ટ :–**

વ્યકિતગત કિસ્સામાં વેપાર માટે રૂા. ૧ લાખ અને સેવા ઉદ્યોગ પ્રકારનાં પ્રોજેકટ માટે રૂા.૨ લાખની મર્યાદામાં ધીરાણ આપી શકાશે. આ માટે કુટિર ઉદ્યોગ ખાતાનાં ૩૬૭ પ્રોજેકટ પસંદ કરાયેલ છે. આ સિવાય અન્ય પોષણક્ષમ પ્રવૃત્તિઓ માટે પણ ધીરાણ કરી શકાશે જો જરૂરી લાયકાત ધરાવતા બે કે તેથી વધુ વ્યકિતઓ ભાગીદારીમાં જોડાશે તો વ્યકિતદીઠ રૂા. ૨ લાખ અને વધુમાં વધુ પાંચ ભાગીદારોને ઉપરોકત મર્યાદાને ધ્યાને લઈને રૂા. ૧૦ લાખ સુધી ધીરાણ થઈ શકશે. અથવા તેથી ઓછું મૂડીરોકાણ થઈ શકશે.

**માર્જીનમની, બેંક લોન અને વ્યાજનો દર :–**

ઉદ્યોગ સાહસિકે પ્રોજેકટ કોસ્ટનાં ૫ ટકાથી ૧૬.૨૭ ટકા સુધી માર્જીનમની ચૂકવવાના રહે છે. પરંતુ તે મળવાપાત્ર સહાય અને માર્જીન મની એમ કુલ મંજુર થયેલ પ્રોજેકટ કોસ્ટના ૨૦% થી

વધવી જોઈએ નહી. રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયા વખતોવખત નકકી કરે તે દરે વ્યાજ લેવામાં આવશે.

**કોલેટરલ ગેરંટી :–**

રૂા. ૧ લાખ પ્રોજેકટ સુધી બેન્કો કોલટરલ ગેરંટી લઈ શકશે નહીં. ભાગીદારદીઠ રૂા. ૧ લાખ સુધીની મર્યાદામાં કોલેટેરલ ગેરંટી માટે મુકિત આપવામાં આવે છે.

**સબસીડી:–**

ભારત સરકાર તરફથી પ્રોજેકટ કોસ્ટનાં ૧૫ ટકા પરંતુ લાભાર્થી દીઠ રૂા. ૭૫૦૦/– મહત્તમ મર્યાદામાં સબસીડી આપવામાં આવશે. આ ઉપરાંત રાજય સરકારની બેંકેબલ યોજના અર્તગત મળવાપાત્ર સહાય તથા વધારાની તફાવત સબસીડી પણ ચૂકવવામાં આવશે. મહત્તમ રૂા. ૧ લાખની લોન ઉપર નીચે પ્રમાણે સહાયનાં દરો નકકી કર્યા છે.

| લોનની રકમ | અનુ.જનજાતિ | અનુ.જાતિ | અન્ય |
|---|---|---|---|
| રૂા. ૨૦,૦૦૦/– સુધી | ૫૦ % | ૫૦ % | ૩૩.૫ % |
| રૂા. ૨૦,૦૦૧ થી ૧ લાખ સુધી | ૪૦ % | ૩૦ % | ૨૫ % |

ઉપયુકત સહાયની મહત્તમ મર્યાદા રૂા. ૩૦,૦૦૦/– ની રહેશે.

શારિરીક ખોડ ખાંપણ ધરાવતા લાભાર્થી માટે નીચે મુજબ સહાયનું ધોરણ નકકી કરવામાં આવેલ છે:–

| | | **બેંક ધિરાણની રકમ** | **સહાયનાં ધોરણો** |
|---|---|---|---|
| (૧) | ૪૦ ટકા કે તેથી વધુ ખોડખાંપણ ધરાવતા વિકલાંગ વ્યકિત | (અ) રૂા.૨૦૦૦૦/– સુધીના ધિરાણ<br>(બ) રૂ.૨૦૦૦૦૧ થી ૧ લાખ સુધી નાં ધીરાણ માટે. | ૫૦ ટકા સહાય<br>૪૦ ટકા સહાય વધુમાં વધુ ૩૦૦૦૦/ |
| (૨) | ૪૦ ટકા થી ઓછી ખોડખાંપણ ધરાવતી વિકલાંગ વ્યકિત | (અ) રૂા.૨૦૦૦૦/– સુધીના ધિરાણ<br>(બ) રૂ.૨૦૦૦૦૧ થી ૧ લાખ સુધી નાં ધીરાણ માટે. | ૫૦ ટકા સહાય<br>૩૦ ટકા સહાય વધુમાં વધુ ૩૦૦૦૦/ |

રિપેમેન્ટ:–

શરૂઆતનાં ૬ થી ૮ માસનાં મોરેરીયમ સમય બાદ ૩ થી ૭ વર્ષમાં લોનની રકમ હપ્તેથી પરત ચૂકવવાની રહેશે લોનના હપ્તાઓ બેંક નકકી કરશે.

તાલીમ :–

બેંક ધ્વારા લોન મંજુર થયા બાદ સેવા/વિપાર તથા ઉદ્યોગ પ્રકારની પ્રવૃતિ કરનાર સાહસિકને ૧૦ થી ૨૦ દિવસની ઉદ્યોગ સાહસિકતા અંગેની તાલીમ લેવાની રહેશે અને આ તાલીમ દરમ્યાન અનુક્રમે રૂા.૧૫૦/– અને ૩૦૦/– સ્ટાઈપેન્ડ ચૂકવવામાં આવશે.

વડાપ્રધાનશ્રીની રોજગાર યોજના હેઠળની લોન અરજી બે નકલમાં નીચેની વિગતો સાથે આપના જીલ્લાનો જીલ્લા ઉદ્યોગ કેન્દ્રમાં રજુ કરવાની રહેશે.

(૧) નિયત નમુનામાં અરજી– બે નકલમાં
(૨) પાસ પોર્ટ સાઈઝનાં બે ફોટાઓ.
(૩) રેશનકાર્ડની પ્રથમ–બીજા ખાનાની નકલ.
(૪) રૂા.૨૦/–ના સ્ટેમ્પ પેપર આવક અંગેનું સોગંદનામુ નિયત નમૂના મુજબ (એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટની રૂબરૂમાં)
(૫) સ્કુલ લીવીંગ સર્ટી.ની નકલ.
(૬) ધંધાની જાણકારીનો દાખલો.
(૭) જાતિ અંગે (માન્ય અધિકારીશ્રીનો દાખલો)
(૮) અરજદારની તથા કુટુંબની મિલ્કત અંગેનો આધાર.
(૯) ધંધાનાં સ્થળનો આધાર અથવા બીજાનાં નામે હોય તો તેમનું સંમતિપત્ર અથવા ભાડા કરાર.
(૧૦) ધંધાના સ્થળનું લાઈટ બીલ તથા વેરાબીલ
(૧૧) રીક્ષા લોન માટે ડ્રાઈવીંગ લાઈસન્સ અને બેઝની નકલ.
(૧૨) સસ્તા અનાજની દુકાન માટે મામલતદારનાં પરવાનાની નકલ.

(૧૩) કેળવણી વિષયક લાયકાતાં પ્રમાણપત્રની નકલ.
(૧૪) ધંધા માટે સાધન ઓજાર, ફર્નીચર તથા કાચામાલનાં ભાવ પત્રકો.
(૧૫) જો આઈટીઆઈ પરીક્ષા પાસ કરેલ હોય તો તેના સર્ટીફીકેટની નકલ.

કુટીર ઉદ્યોગ ખાતાની શ્રી બાજપાઈ બેંકેબલ યોજના તથા વડા પ્રધાનશ્રીની સ્વરોજગાર માટેની યોજના હેઠળનાં પ્રોજેકટ પ્રોફાઈલ્સની વિગતવાર યાદી નીચે મુજબ છે. :

વિભાગ–૧ : એન્જીનીયરીંગ ઉદ્યોગો :–

| | |
|---|---|
| (૧) એન્જીનીયરીંગ વર્કશોપ | (૩૨)સીમેન્ટની આઈટમો |
| (૨)બેટરી,પ્રાયમસ,તાળા ,છત્રી,લાયટર રીપેરીંગ | (૩૩)રાઈલ્સ પોલીસીંગ |
| (૩)ઓટો રીપેરીંગ/સર્વીસીંગ | (૩૪)પાઈપ ફીટીંગ (પ્લમ્બીંગ) |
| (૫)ધડિયાર રીપેરીંગ | (૩૫)મીલીંગ મશીનથી મજુરીકામ |
| (૬)સ્ટીલ ફેબ્રીકેશન | (૩૬)શેપીંગ મશીનથી મજુરીકામ |
| (૭)સાયકલ રીપેરીંગ | (૩૭)સ્ટેનલેસ સ્ટીલના ઘડિયાળના પટ્ટા |
| (૮)કુલર/એરકન્ડીશન રીપેરીંગ | (૩૮)વુડન તથા મેટલ પેટર્ન બનાવવા |
| (૯)મોલ્ડીંગ (ફેરસ/નોનફેરસમેટલ) | (૩૯)બોટલ સાફ કરવાના બ્રશ બનાવવા |
| (૧૦)ગેલ્વેનાઈઝ પતરાની ડોલ/પેટીઓ | (૪૦)ઓટો સીલીન્ડર બ્લોક બોરીંગ |
| (૧૧)લુહારી કામ | (૪૧)મેટલ લેટર |
| (૧૨)ઓઈલ એન્જીન/વોટરપંપ રીતિરીંગ | (૪૨)સબ મર્શીબલ પંપનો કલેમ્પ |
| (૧૩)ઘડિયાર સ્પેરપાર્ટસનું ઉત્પાદન | (૪૩)રીસ્ટ વોચ કેઈસ |
| (૧૪)ગેસની સગડીનું રીપેરીંગ તથા પંખા સગડીનું કામ | (૪૪)પુશ કલીપ બનાવવા |
| (૧૫)ટાઈપરાઈટર રીપેરીંગ | (૪૫)પેકીંગ કલીપ બનાવવી |
| (૧૬)પ્રાયમસ પીન | (૪૬)પેકીંગ કલીપ બનાવવી |
| (૧૭)લોખંડનાં બોરિયા ખીલા વહાણ માટે | (૪૭)રોટરી ફર્નેશ(કાસ્ટીંગ) |
| (૧૮)સેન્ટરીંગ કામ (આરસીસી) | (૪૮)પેપર પીન અને શુકલીપ |
| (૧૯)ચશ્માની ફ્રેમની પીન | (૪૯)ખેતીવાડીના ઓજારોની બનાવટ |
| (૨૦)સ્ક્રીન ડીઝાઈન પાઈમ ફ્રેમસ | (૫૦)એલ્યુમીનીયમ સેકશન આઈટમ |
| (૨૧)સુડી,ચપ્પુ બનાવવા | (૫૧)સાયકલ કેરીયર |
| (૨૨)સ્ટીચીંગ વાયર ઉત્પાદન | (૫૨)સાયકલ સ્ટેન્ડ |
| (૨૩)સ્ટેપલર પીન ઉત્પાદન | (૫૩)પ્લાનીંગ મશીન જોબવર્ક |
| (૨૪)ટી.વી.એન્ટેના ઉત્પાદન | (૫૪)ફીલ્ટર બનાવવાની યોજના |
| (૨૫)એલ્યુમીનીયમ હેંગર બનાવવા | (૫૫)એરકુલર અને એસેમ્બલીંગ |
| (૨૬)વાયસર | |
| (૨૭)હીરા ઉદ્યોગની સરાણ ગ્રાઈન્ડીંગ | |
| (૨૮)સ્ટેનર પાઈપ બનાવવાનો ઉદ્યોગ | |
| (૨૯)અપંગો માટેના સાધનો બનાવવા | |
| (૩૦)બ્રાસ પાર્ટસ | |
| (૩૧)કડીયા કામ | |

વિભાગ–૨
:– કેમીકલ સૌદર્ય પ્રસાધન ઉદ્યોગો :–

| | |
|---|---|
| (૧)ટેલ્મક પાવડર (ફેઈસ પાવડર) | (૨૨)મહેંદી સ્ટીકર |
| (૨)સુગંધીત તેલ | (૨૩)સીલ્વર રીકવરી |
| (૩)અગરબત્તી | (૨,)આયુર્વેદીક દવાની બનાવટ (તંદુરસ્તી ચુર્ણ) |
| (૪)ધોવાનો સાબુ ડીટરજન્ટ | (૨૫)ઓઈલ/પેઈન્ટ/ડીસ્ટેમ્બર વાર્નીસ |
| (૫)પાવડર, ન્હાવાનો સાબુ | (૨૬)ડામર (મિન્થેલીનની ગોળીઓ) |
| (૬)મીણબત્તી | (૨૭)ફીનાઈલ |
| (૭)લાખકામ | (૨૮)એમોનીયા પ્રીન્ટીંગ ટેસ્ટીંગ, ડ્રાકટીંગ |
| (૮)કંકુ કાંજલ | (૨૯)ડીસ્ટીલ વોટર (ડીઝાનર લાઈન્ડ વોટર) |
| (૯)વેસેલીન | (૩૦)રબ્બરનાં મોરા બનાવવા |
| (૧૦)દંતમંજન | (૩૧)પાનમાં ખાવાનો ચુનો |

| | |
|---|---|
| (૧૧)ડુપ્લીકેટીગ શાહી | (૩૨)ગુંદર(ગમ) |
| (૧૨)લખવાની શાહી,ધોબીની શાહી | (૩૩)રબ્બરનાં મોલ્ડેડ આર્ટીકલ |
| (૧૩)સ્ટેમ્પપેડની શાહી | (૩૪)મેઈન કાચમાંથી અરીસા |
| (૧૪)શેમ્પુ | (૩૫)ઈલિક્ટ્રોપ્લેટીગ |
| (૧૫)નેઈલ ક્રીમ | (૩૬)વુડન ફર્નીચર પોલીસ |
| (૧૬)કોલ્ડ ક્રીમ | (૩૭)પ્લાસ્ટર બોર્ડસ |
| (૧૭)વેનીશીગ ક્રીમ | (૩૮)ફેરસ સલ્ફેટ |
| (૧૮)લીપ સ્ટીક | (૩૯)પ્રવાહી ગળી |
| (૧૯)આર્યુવેદિક બનાવટ (ગુલાબી પાવડર) | (૪૦)બીંદી |
| (૨૦)આયુર્વેદિક દવાઓ | (૪૧)કલીમ લાઈમ |
| (૨૧)ગોલ્ડન પેસ્ટ બનાવવી | (૪૨)ડીટરજન્ટ કેક તથાન પાવડર |

વિભાગ–૩
ટેક્ષ્ટાઈલ્સ ઉદ્યોગો

| | |
|---|---|
| (૧)રેડીમેઈડ કપડા બનાવવા | (૧૬) સાડી ફીનીશીંગ કામ |
| (૨)દરજીકામ | (૧૭) એક્રેલીક પાનમાંથી સ્વેટર |
| (૩)ઉન વણાટ કામ | (૧૮) કાથી, રેસા અન્ય રેસા ત્થા સુતર પ્લાસટીકમાંથી વસ્તુઓ બનાવવી. |
| (૪)સુતરની દોરી,દડા,ચીમની અને પ્રાયમસની વાટો | (૧૯) પોલીસ્ટર હાથ વણાટ |
| (૫)સુતરાઉ,ગરમ અને રેમશી કાપડનું રંગકામ | (૨૦) શેરી કલ્ચર રેરીગ |
| (૬)સુતરાઉ કાપડનું છાપકામ | (૨૧) લુંગી ફીનીશીગ કામ |
| (૭)રૂ પીંજણ (ગાદલા રજાઈ બનાવટ) | (૨૨) પાવરલુમ |
| (૮)હોઝીયરી (મોજા બનાવવા) | (૨૩) ચીઝવાઈન્ડીગ (દરજીકામની દોરાની કોકડીઓ) |
| (૯)હાથશાળ રેશમ વણાટ કામ | (૨૪)અંબર ચરખા |
| (૧૦)હાથશાળ સુતરવણાટકામ | (૨૫)નીટેડ ગારમેન્ટ |
| (૧૧) નાયલોન હાથશાળ વણાટકામ | (૨૬)તાણાની બીમ વોપીગ |
| (૧૨) સેનેટરી ટોવેલ | (૨૭)શુલેસ (સીન્થેટીક ફાઈબર) |
| (૧૩) બાંધણી | (૨૮)જે કાર્ડ લુમ વીવીગ |
| (૧૪) રેશમી બાંધણી | (૨૯)વેસ્ટ પોલીયેસ્ટર ચાર્જમાંથી ગાદલા ઓશીકા |
| (૧૫) ત્રાંક વિનાના ચરખાથી કાંતણકામ | (૩૦)સેનેટરી નેપકીન |

વિભાગ–૪
પેપર પ્રિન્ટીગ અને સ્ટેશનરી ઉદ્યોગ:–

(૧) પ્રિન્ટીગ કમ્પોઝીગ
(૨) બુક બાઈન્ડીગ
(૩) અન્વેલપ ફાઈલ
(૪) ગ્રે–બોર્ડમાંથી બોકસ બનાવવા
(૫) પતંગ
(૬) હાથ બનાવટની કાગળની થેલીઓ
(૭) રબ્બર સ્ટેમ્પ
(૮) ફોટો લેમીનેશન
(૯) પેપર લેમીનેશન
(૧૦) ઓટોમેટીક ઝેરોક્ષ કોપીયર
(૧૧) સ્લેટ (પાટી)
(૧૨) પેપર, રૂલીગ

વિભાગ–૫
ખેત પેદાશ આધારીત ઉદ્યોગો :

(૧) તમાકુ અને તેની બનાવટ (પેસ્ટ તથા કીમામ)
(૨) શેરડીનું કોલુ
(૩) ફલોર મીલ (દળવાની ઘંટી)
(૪) મીની ઓઈલ મીલ (મીની એકસ પીલર)

(૫) ગોળ બનાવવા
(૬) મીઠુ દળવાનુ
(૭) સ્વદેશી તેલ ધાણી
(૮) મધમાખી ઉછેર
(૯) મશરૂમનું સ્પાન ઉત્પાદન
(૧૦) રાઈસ મીલ

<u>વિભાગ–૬</u>
<u>પ્લાસ્ટીક ઉદ્યોગો</u>

(૧) ઈલિકટ્રીક માલસામાન બનાવવો.
(૨) ફાઉન્ટનપેન,બોલપેન,રીફીલ બનવવી.
(૩) રબ્બરનાં રમકડા બનાવવા
(૪) ખુરશીમાં નેતરકામ તથા પ્લાસ્ટીકની ગુંથણી
(૫) પાટી વણાટકામ
(૬) નાયલોનની જાળી બનાવવી.
(૭) પ્લાસ્ટીકના દોરામાંથી દડીઓ તથા દડા બનાવવા.
(૮) પ્લાસ્ટીક દોરડા બનાવવા
(૯) પ્લાસ્ટીક પીકર્સ બનાવવા.
(૧૦) પ્લાસ્ટીકની બંગડીઓ બનાવવી.
(૧૧) એક્રેલીક શીટમાંથી, ટેલીફોન સ્ટેન્ડ ટી ટ્રે, સ્ટેશનરી આઈટમ,કેસેટ સ્ટેન્ડ સ્ટીરીયોબોક્ષ વગેરે બનાવવા.
(૧૨) ઈલિકટ્રોનીકસ માટે પ્લાસ્ટીકના કોમ્પોનન્ટસ બનાવવા.
(૧૩) પીવીસી માંથી ફાઈલ કવર લંચ બોકસ, મીની કવર બનાવવા.
(૧૪) ફાઈબર ગ્લાસ પ્રોડકસ
(૧૫) એક્રેલીક શીટમાંથી ફેબ્રીકેશન
(૧૬) એક્રેલીક બટન
(૧૭) પ્લાસ્ટીક મોતી
(૧૮) રેકઝીનમાંથી જીવન જરૂરીયાતની વસ્તુઓ બનાવવી.
(૧૯) જયો મેટીકલ સાધનો (પ્લાસ્ટીકના)
(૨૦) ચશ્માની ફ્રેમ બનાવવી.
(૨૧) મેટેલાઈઝ પીવીસી ફિલ્મમાંથી ટીકી બનાવવી.
(૨૨) ઈન્જેકશન મોલ્ડેડ પ્લાસ્ટીક આઈટમ.

<u>વિભાગ–૭</u>
<u>ખાદ્ય પદાર્થ ઉદ્યોગ :–</u>

(૧) શાર્કર તપાસા,પીપરમેન્ટ ચોકલેટ બનાવવી.
(૨) સોડા વોટર ઠંડા પીણા બનાવવા
(૩) અથાણા,પાપડ,મસાલાની બનાવટ
(૪) ખારી શીંગ,ધાણી ચૈઆ ચણા, મમરા બનાવવા
(૫) બેકરી
(૬) ફળફળાદી,શાકભાજી,સૂકવણી
(૭) મીઠી સોપારી
(૮) ચાયના ગ્રાસ અને ક્રિસ્ટલ જેલી બનાવવી
(૯) બટેટાની વેફર બનાવવી
(૧૦) મશીનથી પાપડનું ઉત્પાદન
(૧૧) ખજુરની સફાઈ કરી પેકીંગ કરવું
(૧૨) મેંદાની સેવ
(૧૩) મશરૂમનું ઉત્પાદન
(૧૪) મુખવાસ રીપેકીંગ (પાઉચ પેકીંગ)
(૧૫) નમકીન
(૧૬) મસાલા
(૧૭) એકસ્ટ્રેડેટ સ્નેક ફુડ
(૧૮) જામજેલી અને માર્મલેડ

વિભાગ–૮

હસ્તકલા ઉદ્યોગ :

(૧) નેતર અને વાસકામ
(૨) પ્લાસ્ટીક લાકડા રૂના રકમડા
(૩) ભરત ગુંથણ
(૪) ઢીંગલી રમકડા
(૫) પેઈન્ટીંગ અને ગ્રાફીકસ
(૬) હેન્ડ પ્રીન્ટ સ્ક્રીન ડીઝાઈન
(૭) પક્ષીઓના તથા બનાવટી પીછામાંથી કેલેન્ડર
(૮) કાગળના રમકડા
(૯) જરી ચલક ચલમો,કાગરી,સીદબાદુ બનાવવા
(૧૦)જરીનાથાપા,બોર્ડર બનાવવા
(૧૧) જરી ઉદ્યોગ (આસરવા યુનીટ)
(૧૨) જરી ઈલિકટ્રોપ્લેટીંગ
(૧૩) જરી વાઈન્ડીંગ કાપડ
(૧૪)જરી ઉદ્યોગ તાણયા યુનીટ
(૧૫) પેપેર પસ્તી
(૧૬) મોતીકામ

વિભાગ–૯

જંગલ પેદાશ આધારીત ઉદ્યોગ :

(૧) બીડી બનાવટ
(૨) લાકડાનું ફર્નીચર
(૩) સુથારી
(૪) પતરાળા,પડીયા અને ડીશ
(૫) લાકડીમાંથી બેન્ડ પેકસ તથા પેપર પેકસ
(૬) લાકડામાંથી વાયરરીલ્સ ફ્રેમ તથા પેટી
(૭) લાકડામાંથી બોબીન
(૮) લાકડામાંથી લેટીસ
(૯) લાડકામાંથી કેરમ બોર્ડ તથા બીલીયર્ડ ટેબલ
(૧૦) લાકડાનાં સ્પુલ્સ તથા રીલ્સ
(૧૧) લાકડામાંથી અંબ્રેલા હેન્ડલ સ્ટીકસ અને વુડન રીલ્સ
(૧૨) સાવરણી,ઈંઢોણી તથા સુપડા
(૧૩) જાકડા તથા કડી (ખજુરીના પાનમાંથી)
(૧૪) ફોટો ફ્રેમ તથા પ્લાસ્ટીક લેમીનેશન
(૧૫) સંઘાડીયા કામ (ખરાદી કામ)
(૧૬) વુડન સ્ટીક ફોર સબમર્શીબલ પમ્પ એન્ડ ફર્નીચર,લાકડાનાં પેકીંગ બોક્ષ.

વિભાગ–૧૦

ખનીજ આધારીત ઉદ્યોગો

(૧) ચૂના ઉદ્યોગ (ખાડા ભઠ્ઠી)
(૨) ખાણમાંથી બાંધકામનાં પથ્થર કાપવા.
(૩) બદામી કોલસા
(૪) અકીક ઉદ્યોગ
(૫) પથ્થરમાંથી વસ્તુઓ બનાવવી.
(૬) માર્બલ ત્થા સ્ટોનમાંથી વસ્તુઓ બનાવવા.
(૭) માર્બલ કટીંગ પોલીસીંગ
(૮) વોટર ફિલ્ટર માટેની જાળી વગેરે
(૯) સીમેન્ટનાં બ્લોક બનાવવા.

વિભાગ–૧૧

ડેરી ઉદ્યોગ

(૧) આઈસ કેન્ડી.
(૨) દૂધની મીઠાઈની બનાવટ.
(૩) દુધમાંથી કેસીન.
(૪) આઈસક્રીમ
(૫) દુધમાંથી દહી ત્થા ઘીની બનાવટ.

વિભાગ–૧૨

ગ્લાસ અને સીરામીક ઉદ્યોગ

(૧) ઈંટ ઉદ્યોગ
(૨) કુંભારી કામ
(૩) કાચનાં રમકડાં
(૪) ચશ્માના કાચ બનાવવા , ઘસવાના/રીશ્રેડ્રીંગ કામ
(૫) સીરામીક ડેકોરેશન (કોકરી)
(૬) ચિનાઈ માટીનાં વાસણોનું સુશોભન.

વિભાગ–૧૩

ઇલિકટ્રીકલ્સ / ઇલિકટ્રોનીકસ ઉદ્યોગ

(૧) રેડિયો અને ટેપ રીપેરીંગ.
(૨) ઇલિકટ્રીકલ્સ મોટર રીવાઈન્ડીંગ
(૩) વીજળીકામ રીપેરીંગ
(૪) બેટરી સેલીમીટર
(૫) ઇલિકટ્રીક ફેન રેગ્યુલેટર
(૬) ટ્રાન્સફોર્મર
(૭) ટી.વી. રીપેરીંગ
(૮) ડીજીટલ ઘડિયાર
(૯) ટયુબલાઈટ ચોક
(૧૦) ઇલિકટ્રીકલ આઈટમોનું એસેમ્બલીંગ
(૧૧) ટયુબલાઈટ ફીકચર
(૧૨) પ્રિન્ટેડ ફર્કીટ બોર્ડ
(૧૩) ઓટો બેટરી રીપેરીંગ અને ચાર્જ
(૧૪) સ્પીકર રીપેરીંગ
(૧૫) કોમ્પ્યુટર સર્વિસ સેન્ટર

વિભાગ–૧૪

ચર્માદ્યોગ

(૧) અપ હોસ્ટ્રી (સોફાસેટ લેનીંગ કામ)
(૨) ચામડાની હાર્ડબોર્ડ સુટકેસ
(૩) પગરખા બનાવવા.
(૪) ચામડા કમાવવા
(૫) તબલા નરઘાં
(૬) વોલીબોલ ઉત્પાદન

વિભાગ–૧૫

અન્ય ઉદ્યોગ

(૧) પ્રિન્ટીંગ જાહેરાત બોર્ડ.
(૨) ફટાકડા બનાવવા.
(૩) હીરા ઉદ્યોગ (દેશી ઘંટી)
(૪) સોના ચાંદીના દાગીના બનાવવા.
(૫) વલ્કેનાઈઝીંગ
(૬) ફોટોગ્રાફી ત્થા વીડીયો શુટીંગ
(૭) તાંબા પીતળના વાસણો બનાવવા.
(૮) લખવાના ચોક બનાવવા.
(૯) ૧૦ એકર જમીનમાં મીઠું પકવવું.
(૧૦) જુના થેલા / ખાલી બારદાન રીપેરીંગ
(૧૧) વાસણને કલાઈ કરવી.
(૧૨) ચાંદીના તાર પતરા પેટીઓ ખેંચવી.
(૧૩) જાદુ કલાના સાધનો.
(૧૪) સ્પ્રે પેઈન્ટીંગ ઉદ્યોગ
(૧૫) બેલ્ટવાળી છત્રી બનાવવાનો ઉદ્યોગ.
(૧૬) વાહનોની નંબર પ્લેટ બનાવવાનો ઉદ્યોગ
(૧૭) હીરા ઉદ્યોગ (સેમી ઓટોમેટીક ઘંટી)
(૧૮) સોના ચાંદીના દાગીનાનું છોળકામ
(૧૯) છત્રી એસેમ્બલીંગ

(૨૦) હેરબ્રશ
(૨૧) રબર મોલ્ડીંગ આઈટમ
(૨૨) ફેઈસ પાવડર
(૨૩) આમી ભરત ઉદ્યોગ

વિભાગ–૧૬
સેવા પ્રકારનાં વ્યવસાય
(૧) રસોઈ કામનાં વાસણો ભાડે આપવા
(૨) કોચીંગ કલાસ
(૩) પેસેન્જર/લોડીંગ રીક્ષા
(૪) લોજ
(૫) બેન્ડવાજા
(૬) સાયકલો સ્ટાઈલીંગ
(૭) ચેન પુલી બ્લોક (બોરકામ માટે)
(૮) કુદરતી થેરોપેથી ચિકિત્સા
(૯) વકીલાતનો વ્યવસાય
(૧૦) સંગીત તથા નૃત્ય કલા કોચીંગ કલાસ
(૧૧) પેથોલોજીકલ લેબોરેટરી
(૧૨) મંડપ ડેકોરેશન
(૧૩) હજામતની દુકાન
(૧૪) સરકયુલેટીંગ લાયબ્રેરી
(૧૫) ટાઈપીંગ કલાસ
(૧૬) વિડિયો કેસેટ લાયબ્રેરી
(૧૭) ઘોડીયાઘર
(૧૮) ક્રોકેટ મીક્ષચર મશીન ભાડે આપવું
(૧૯) અનાજ સાફ કરવું
(૨૦) પેસ્ટ કંટ્રોલ સર્વીસ
(૨૧) થ્રેસર ભાડે આપવું
(૨૨) ટીફીન બોક્ષ કેરીયર
(૨૩) ઉટલારી/હાથલારી/બળદગાડુ ભાડે ફેરેવવું
(૨૪) સ્ટેમ્પ વેન્ડર
(૨૫) લોન્ડ્રી
(૨૬) ચૂનો પીસવાનું મજૂરીકામ
(૨૭) પાઉભાજી બનાવવી.
(૨૮) બ્યુટી પાર્લર
(૨૯) નાનુ દવાખાનું
(૩૦) હાડવૈદ
(૩૧) સાઉન્ડ સર્વીસ
(૩૨) એસટીડી, પીસીઓ યોજના
(૩૩) ખેત પેદાશ કલીનીંગ, ગ્રેડીંગ એન્ડ પેકીંગ
(૩૪) કોમ્પ્યુટર સોફટવેર ટ્રેનીંગ સેન્ટર
(૩૫) કેબલ ટીવી સર્વીસ સેન્ટર
(૩૬) હાર્વેસ્ટર (કટર) ભાડે આપવું
(૩૭) ટાઈપ અને ડુપ્લીકેટીંગ કામ

વિભાગ–૧૭
વેપાર પ્રકારનાં ધંધા

(૧) મેડીકલ સ્ટોર (દવાની દુકાન)
(૨) ફેરપ્રાઈઝ શોપ (વ્યાજબી ભાવની દુકાન)
(૩) કરિયાણાની દુકાન (પ્રોવીઝન સ્ટોર)
(૪) વીજળીના માલસામાનનું વેચાણ
(૫) ફળફળાદી શાકભાજીની દુકાન, ગલ્લો, લારી
(૬) ફુટવેર શોપ/ પગરખાની દુકાન
(૭) પાન બીડી / ઠંડા પીણાની દુકાન
(૮) રેસ્ટોરન્ ટ
(૯) સ્ટેશનરીની દુકાન

(૧૦) મીઠાઈ ફરસાણનું વેચાણ
(૧૧) કાપડની દુકાન
(૧૨) સૌંદર્ય પ્રસાધનની દુકાન
(૧૩) બુક સ્ટોલ
(૧૪) મરઘા ઉછેર
(૧૫) દૂધ દહી વેચાણની દુકાન
(૧૬) લાકડાની લાટી
(૧૭) કેમિકલ્સ વેચાણ
(૧૮) ઓટો પાર્ટસ વેચાણ
(૧૯) જંતુનાશક દવાઓનું વેચાણ
(૨૦) પેઈન્ટસ હાર્ડવેરનું વેચાણ
(૨૧) નાટકનાં ડ્રેસ અને વસ્તુઓ પુરી પાડવાની યોજના
(૨૨) કોલસાની દુકાન
(૨૩) માર્બલ કોટાસ્ટોન ત્થા બીલ્ડીંગ મટીરીયલ્સનું વેચાણ
(૨૪) કૃષિ બીજ વેચાણ
(૨૫) લોટસની ટીફીન વેચવાની દુકાન
(૨૬) આઈસક્રીમ પીણા પાર્લર
(૨૭) ઓઈલ ગ્રીસ લુબ્રીકેટીંગનું વેચાણ
(૨૮) પશુ આહાર વેચાણ
(૨૯) વાસણ ભંડાર
(૩૦) ફર્નીચરનું વેચાણ
(૩૧) રેડીમેઈડ ગારમેન્ટ ત્થા હોઝીયરીનું વેચાણ
(૩૨) હસ્તકલા હાટ (વેચાણ કેન્દ્રો)
(૩૩) બેકરી કન્ફેક્શનરીનું વેચાણ
(૩૪) કાપડની ફરતી લારી યોજના
(૩૫) ગીફ્ટ આર્ટીકલ્સ વેચાણની યોજના
(૩૬) રમકડાની દુકાન
(૩૭) નર્સરી
(૩૮) ગ્લાસશીટની દુકાન
(૩૯) પ્લાસટીક માલ સામાનની દુકાન
(૪૦) કસ્ટમ માલસામાનની દુકાન
(૪૧) ઈલિકટ્રોનીકસ માલસામાન વેચાણની દુકાન
(૪૨) રમત ગમતનાં સાધનોની દુકાન
(૪૩) લેબોરેટરીનાં સાધનોની દુકાન
(૪૪) ઘડિયાર વેચાણની દુકાન

(૩) **<u>સ્વરોજગાર માટે નાણાંકીય સહાય : માનવ કલ્યાણ યોજના :–</u>**

સમાજના અત્યંત ગરીબ,નબળા અને પછાતવર્ગના લોકો જેઓ શાકભાજી વેચવી, ચાની લારી ચલાવવી, હાથ લારી ધ્વારા માલ સમાનની હેરફેર કરવી. છાપા વેચવા વગેરે ધ્વારા પોતાની આજીવીકા મેળવે છે અને પોતાની રોજગારી વધારવા બહારથી કરજ મેળવી શકે તેમ નથી તેઓ પોતાની આજીવીકામાં વધારો કરી શકે તે આશયથી સ્વરોજગારમાં રોકાયેલાઓને સાધનનાં સ્વરૂપમાં નાણાકીય સહાય આપવાની યોજના છે.

**યોજનાની વિગતો :–**

ગુજરાત સરકારનાં ઉદ્યોગ વિભાગ તરફથી તા.૨૧/૮/૮૧ થી યોજના અલમાં મૂકાયેલ છે. તા.૧૧/૯/૯૫ થી આ યોજનાનું નામ માનવ કલ્યાણ યોજના રાખવામાં આવેલ છે.

રાજ્યકક્ષા કમિશ્નર કુટીર અને ગ્રામોદ્યોગ ગુ.રા.ગાંધીનગર અને જીલ્લા કક્ષાએ જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર ધ્વારા આ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

સ્વરોજગાર પ્રવૃતિમાં રોકાયેલ અને સમાજની અત્યંત ગરીબ અને નબળાવર્ગની વ્યકિતઓ જેવી કે શાકભાજી વેચનાર ચાની લારી ચલાવનાર,હાથલારી ધ્વારા માલની હેરફેર કરનાર, છાપાના ફેરીયા ,પાન બીડીવાળા વગેરે જેવા વ્યવસાય ધ્વારા પોતાની આજીવીકા મેળવે છે.

આ યોજનામાં જુદા જુદા ૪૬ ધંધાઓ આવરી લીધેલ છે જેની યાદી નીચે મુજબ છે. નવા ધંધા ઉમેરવા કમિશ્નર કુટીર અને ગ્રામોદ્યોગ સક્ષમ છે.

જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર મારફતે રૂ.૧,૫૦૦/– સુધીની સાધનનાં રૂપમાં સહાય આપવામાં આવે છે. આ માટે સરકારશ્રી ધ્વારા નકકી કરેલ ફોર્મ જીલ્લા ઉદ્યોગ કેન્દ્રમાંથી મળી શકે છે.

**સ્વરોજગારી યોજના (માનવ કલ્યાણ) હેઠળ સમાવિષ્ટ વ્યવસાયની યાદી :–**

(૧) ફેરીયાનો ધંધો (૨) છાપા વેચનાર (૩) શાકભાજી વેચનાર (૩) શાકભાજી વેચનાર (૪) પાનબીડીની દુકાન (૫) ચાની લારી (૬) ફુટપાથ પર પુસ્તકો વેચનાર (૭) દહી દુધ વેચનાર (૮) અલ્પાહાર (પીણા વેચનાર) (૯) કટલરી હોઝીયરી વેચનાર (૧૦) મીઠુ ગોળ વેચનાર (૧૧) કેરોશીનની લારી (૧૨) ફળ વેચનાર (૧૩) કલાઈ કરનાર (૧૪) દાતણ વેચનાર (૧૫) માલ ભરનાર (૧૬) માછલી વેચનાર (૧૭) કાગળ વીણનાર (૧૮) રદ્દી જુના કપડા અને પગરખા એકત્ર કરનાર (૧૯) કપડા રીપેર કરનાર વેચનાર (૨૦) સાયકલ રીપેર કરનાર (૨૧) છત્રી રીપેર કરનાર (૨૨) ઇલિકટ્રીશ્યન (૨૩) પ્લમ્બર (૨૪) કડીયા (૨૫) પેઈન્ટર (૨૬) હજામ (૨૭) પીંજારા (૨૮) લારી ખેંચનાર (૨૯) તોરણ અને બીજી ઘરગથ્થુ ચીજો વેચનાર (૩૦) ઇલિકટ્રોનીકસ વસ્તુઓ વેચનાર (૩૧) લોખંડનો ભંગાર ટીન પ્લેટ અને ઈમારત લાકડા પર ફરી પ્રક્રિયા કરનાર (૩૨) ધોબી (૩૩) સાવરણી, સૂપડા અને ટીપપણી બનાવવા (૩૪) લાંકડામાંથી કાસકી બનાવવાનો ઉદ્યોગ (૩૫) ઢીલ ત્રાઆ (નગારા) વગાડનાર (૩૬) લાકડા કોલસો વગેરે વેચાણનો ધંધો (૩૭) માટીનાં વાસણોનું વેચાણ (૩૮) સ્ટેશનરીનું વેચાણ (૩૯) સૂતરનાં દોરી દોરડાનું વેચાણ (૪૦) પ્લાસટીક બનાવટોનું વેચાણ (૪૧) પગરખાં (૪૨) ટિફિન ભોજનગૃહ પૂરા પાડવાની યોજના (૪૩) ભવાઈનો ધંધો (૪૪) સ્લીપર પટ્ટી વેચાણ (૪૫) એગ કાર્ટકીમ (ઈંડાની લારી) ભરતકામ.

આ યોજના હેઠળ ૪૪ જેટલા નકકી કરેલ વ્યવસાયમાં આજીવીકા મેળતા ગરીબી રેખાથી નીચેના લાભાર્થીઓએ નિયત કરેલ અરજીપત્રકમાં જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા જે તે લાભાર્થીઓની અરજીઓ મેળવવામાં આવે છે. (રૂબરૂમાં ભરવામાં આવે છે.) જેની ચકાસણી યોજના માટે નિમાયેલ સમિતિ દ્વારા કરવામાં આવે છે. આ યોજના હેઠળ લાભ મેળવવા માટે લાભાર્થીએ નીચે મુજબની માહિતી રજૂ કરવાની રહે છે.

- જે વ્યવસાય કરતા હોય તે વ્યવસાય અંગે પંચાયત કે ધારાસભ્યનું પ્રમાણપત્ર.
- આવકનું પ્રમાણપત્ર. સક્ષમ સત્તાધિકારીનું આ યોજનાની વાર્ષિક આવક મર્યાદા રૂા.૧૧૦૦૦/– છે.
- પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ.
- જરૂરી સાધનોની યાદી
- રેશનકાર્ડની નકલ.

**<u>ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિ.</u>**
**<u>બ્લોક નં.૮ ૮ માં માળ, ઉદ્યોગભવન</u>**
**<u>સેકટર–૧૧, ગાંધીનગર</u>**

૧૯૭૫ના આંતર રાષ્ટ્રીય મહિલા વર્ષ દરમ્યાન વિશ્વસ્તરીય કક્ષાએ મહિલાઓની વિવિધ સમસ્યાઓ અને તેના નિરાકરણ માટે ખૂબ ગંભીરતા પૂર્વક વિચારવામાં આવેલ જેની ફલશ્રુતી સ્વરૂપે ગુજરાતમાં માર્ચ–૮૧ માં ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમની સ્થાપના કરી મહિલાઓનો સર્વાંગી વિકાસ થાય તે માટે જરૂરી પગલાઓ ભરવાની બાબતે હરળફાળ ભરવામાં આવી. નિગમ દ્વારા મહિલાઓની જાગૃતિ શિબિર સેમીનારનું આયોજન કરી તેમની સાથે વિચાર વિમર્શ કરી તેમના આર્થિક તેમજ સામાજીક ઉત્થાન માટે જરૂરી તાલીમ ત્થા સ્વરોજગારીની યોજનાઓ અમલમાં મૂકવામાં આવી જેથી કરી મહિલાઓ સમાજમાં સ્વમાનભેર જીવન વ્યતિત કરી શકે:–

ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લી. નાં મેમોરેન્ડમ ઓફ આર્ટીકલ્સમાં મહિલાઓનાં આર્થિક તેમજ સામાજીક ઉત્થાન માટે જરૂરીયાત મુજબની સવલતો/સહાય અને તાલીમ આપી મહિલા વર્ગનો સામાજીક અને આર્થિક વિકાસ કરવાનો ઉદ્દેશ છે આ ઉદ્દેશમાં સામાજીક ક્ષેત્રે કાર્યરત સ્વૈચ્છિક સંસ્થાઓનાં સહયોગથી સંકલિત પ્રવૃત્તિઓનો ઝડપભેર અમલ કરવાનો ઉદ્દેશ સમાવિષ્ટ છે.

**<u>નિગમની જુદી જુદી યોજનાઓ:–</u>**

**(૧) તાલીમ યોજના:–**

પરંપરાગત ગૃહ ઉદ્યોગ સહિત સ્વૈચ્છિક સંસ્થાના સહયોગથી જરૂરીયાતવાળી બહેનો માટે રોજગારલક્ષી તાલીમનું આયોજન કરવામાં આવે છે તાલીમ માટે સ્થળ, સમય સંજોગોને અનુરૂપ જુદા જુદા વ્યવસાયલક્ષી તાલિમોનું આયોજન કરી મહિલાઓના કલા કૌશલ્યમાં વૃધ્ધિ કરતાં પ્રયત્નો કરવામાં આવે છે.

- તાલીમ આપનાર સંસ્થાને તાલીમાર્થીદીઠ વહીવટી ખર્ચ પેટે માસિક રૂા. ૭૫/–
- કોમ્પ્યુટર અને ડાયમંડ કટીગનાં વર્ગ માટે તાલીમાર્થી દીઠ રૂ.૨૦૦/– વહીવટી ખર્ચ પેટે
- તાલીમાર્થીને સ્ટાયપન્ડ રૂા. ૧૦૦/–

- તાલીમ વર્ગની મુદત વધુમાં વધુ ૬ માસ.
- જરૂરીયાતવાળી કોઈપણ મહિલા જેની ઉમર ૧૭ થી ,૫ વર્ષની હોય તે આ તાલીમ વર્ગમાં જોડાય શકે.

**(૨) ઘર દિવડા યોજના :–**

૫ મી જાનયુઆરી ૧૯૯૬ થી અમલમાં મૂકવામાં આવેલ આ યોજનાનો મુખ્ય હેતુ ગરીબી રેખા નીચે જીવતા કુટુમ્બની ગ્રામ્ય અને શહેરી મહિલાઓનાં આર્થિક વિકાસ માટે સહાય કરવાનો છે. આ યોજના હેઠળ આર્થિક પ્રવૃત્તિ માટે રૂા. ૨૫૦૦૦/– ની લોન આપવામાં આવે છે.

<u>પાત્રતા</u>

જેમના કુટુંબની વાષિૃક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂા. ૧૧૦૦૦/– અને શહેરી વિસ્તારમાં રૂા. ૧૧૮૦૦/– થી ઓછી હોય તેવી ગીરીબી રેખા હેઠળ જીવતી કોઈપણ મહિલા.

| **સબસીડી :–** | **અનુ.જાતિ** | **અનુ.જનજાતિ** | **જનરલ** |
|---|---|---|---|
| રૂા.૧૦,૦૦૦/– | ૫૦ % | ૫૦% | ૩૩.૩૩ % |
| રૂા. ૧૦,૦૦૦ થી | ૩૦% | ૪૦% | ૨૫ % |
| રૂા. ૨૫,૦૦૦ સુધી | | | |

**(૩) માર્જીનમની યોજના :–**

આ યોજના હેઠળ આર્થિક રીતે ગરીબ અને પછાત મહિોઓનાં રોજગાર આપતી સંસ્થાઓને માર્જીનમનીનાં રૂપમાં આર્થિક અનુદાન આપવામાં આવે છે.

મહિલાઓ માટે રોજગારી પુરી પાડતી સંસ્થા/મંડળીને નીચેના ત્રણમાંથી જે રકમ ઓછી હોય તે માર્જીન મની તરીકે આપવામાં આવે છે.

– વેચાણના ૨૦ ટકા પંમાણેની રકમ.

– જેટલા સભ્યોને મંજુરી ચુકવી હોય તેટલા સભ્યોદીઠ વ્યકિતગત રૂા.૬૦૦/– લેખે થતી કુલ રકમ

– પાછલાં વર્ષનાં ઓડીટ કરેલ રિપોર્ટનાં આધારે વધુમાં વધુ ત્રણ વર્ષ માટે માર્જીનમની સહાય મળી શકે છે.

– રોજગાર મેળવનાર મહિલાઓ આ મંડળી/સંસ્થાની સભ્ય હોવી જોઈએ.અને તેના કુટુમ્બની કુલ વાષિૃક આવક ગ્રામ્ય વિસ્તારમાં રૂા.૧૧૦૦૦/– અને શહેરી વિસ્તારમાં રૂા. ૧૧૮૦૦ થી વધુ ન હોવી જોઈએ.

<u>પાત્રતા</u>

રજીસ્ટર્ડ કરાવેલ કોઈપણ મહિલા સંસ્થા/મંડળી આ સંસ્થાએ ઉત્પાદિત કરેલ માલના કુલ વેચાણના ૩૦ ટકા મંજુરી ચૂકવી હોય તો જ માર્જીનમની મળવાપાત્ર થાય છે.

**(૪) રીટેઈલ આઉટલેટ યોજના :–**

રાજયની મહિલા સહકારી મંડીઓ તેમજ અન્ય મહિલા સંસ્થાઓ અને જીલ્લા ગ્રામ વિકાસ એજન્સીની માન્યતા પ્રાપ્ત મહિલા જુથો વિગેરે દ્વારા ઉત્પાદિત માલને યોગ્ય ભાવે પુરતી બજાર મળી રહે તેવા આશયથી નિગમ દ્વારા રીટેઈલ આઉટલેટની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે.

નિગમ દ્વારા માસિક રૂ.૪૦૦૦/– લેખે વધુમાં વધુ છ મહિના માટે આર્થિક સહાય આપવામાં આવે છે. આ સહાય આવર્તક ખર્ચ, ભાડુ, પગાર, વીજળી ખર્ચ, સ્ટેશનરી વિગેરે માટે છે.

રીટેઈલ આઉટલેટ શરૂ કરવા માટે વધુમાં વધુ રૂા. ૧૫૦૦૦/– સુધીની વ્યાજ મુદત લોન આપવામાં આવે છે.

રીટેઈલ આઉટલેટનાં વેચાણના ૫ ટકા લેખે અથવા વધુ ૨ વર્ષમાં આ લોન પરત ચુકવવાની હોય છે.

**(૫) નો ટેન્ડર યોજના :–**

મહિલા સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત કરેલ માલ સામાન ખરીદી કરી તેમની આર્થિક પ્રવૃત્તિને વેગ આપવો.

**વિગતો:–**

મહિલા સંસ્થાઓ ધ્વારા ઉત્પાદીત જરૂરી માલસામાન ચીજવસ્તુઓ કોઈપણ સરકારી/અર્ધ સરકારી સંસ્થાઓ ત્રણ ભાવપત્રક મંગાવ્યા સિવાય સીધી ખરીદી શકે છે. આ અંગે મોટાભાગની ચીજવસ્તુઓના ભાવ જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, અમદાવાદ ધ્વારા ઠરાવવામાં આવે છે.

હાલમાં આ યોજના રાજયનાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગર અને ભાવનગર, સાબરકાંઠા, કચ્છ અને ભરૂચ જીલ્લામાં અમલમાં છે. અમદાવાદ માટે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ કેન્દ્રીય બજાર એજન્સી તરીકે કામ કરે છે.

**(૬) શિબીર, સેમિનાર, પ્રદર્શન :–**

રાજયમાં મહિલાઓને આર્થિક સધ્ધરતાની સાથે સાથે સામાજીક મોભો મળે તે માટે મહિલાઓને આવરી લેતી પ્રવૃત્તિઓને ધ્યાનમાં રાખી સંમેલન, શિબીર અને સેમીનારનું આયોજન નિગમ ઘ્વારા કરવામાં આવે છે.

(૧) મહિલાઓમાં જાગૃતિ કેળવવા અને તેને નૂતન પ્રવાહોથી વાકેફ કરવા આવા કાર્યક્રમો ખાસ કરીને જીલ્લા કક્ષાએ યોજવામાં આવે છે.

(૨) રાજયમાં તથા રાજય બહાર પ્રદર્શન કમ વેચાણનું પ્રદર્શન કમ વેચાણનું આયોજન કરવામાં આવે છે. જેમાં નહિવત ખર્ચ મહિલાઓ– મહિલા સંસ્થાઓ અને તેમની ઉત્પાદિત વસ્તુઓનું વેચાણ કરી શકે છે. આવી પ્રવૃત્તિઓ ઘ્વારા મહિલાઓને લાંબાગાળાનું બજાર મળે છે.

(૩) આવી યોજનામાં થતા ખર્ચ પેટે નિગમ સંસ્થાઓ પાસેથી ટોકન વ્યવસ્થા ખર્ચ લે છે.

**(૭) નોરોડ યોજના :–**

ભારત સરકારે નારોડ યોજનાનાં અમલીકરણ માટે ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમને નોડલ એજન્સી તરીકે જાહેર કરેલ છે. ગરીબ અને જરૂરીયાતવાળી મહિલાઓને તાલીમ આપી તેઓને વેતન રોજગારી / સ્વરોજગારી મેળવી આપવાનો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે.

(૧) આ યોજના ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં સ્લમ વિસ્તારમાં લાગુ પડે છે.

(૨) સ્વૈચ્છિક સંસ્થાઓ ઘ્વારા તૈયાર કરવામાં આવેલી દરખાસ્તો ચકાસણી કર્યા બાદ ભારત સરકારને મંજુરી માટે મોકલી આપવામાં આવે છે.

(૩) આર્થિક રીતે નબળી અને જરૂરીયાતવાળી મહિલાઓને આધુનિક અને બિન પરંપરાગત વ્યવસાયમાં તાલીમ આપવામાં આવે છે.

(૪) તાલીમને અંતે મહિલાઓ વેતન રોજગારી / સ્વરોજગારી ઘ્વારા પોષણક્ષમ રોજગારી મેળવી શકે છે.

(૫) આ યોજનામાં કુલ આશરે ૩૦૦૦ મહિલાઓ રોજગારી અર્થે આવરી લેવાનો લક્ષ્યાંક છે.

**(૮) ગ્રામીણ મહિલા વિકાસ અને સામર્થ્ય પ્રોજેકટ :–**

ઈન્ટરનેશનલ ફંડ ફોર એગ્રીકલ્ચર ડેવલપમેન્ટ (આઈફાડ) અને વર્લ્ડ બેન્કની સહાય આધારિત આ પ્રોજેકટ માટે નિગમ નોડલ એજન્સી તરીકે કામ કરે છે. ગ્રામ્ય વિસ્તારમાં ગરીબી રેખા નીચે જીવતી મહિલાઓનું જીવન ધોરણ ઉચુ આવે અને તેઓ આર્થિક રીતે સ્વતંત્ર અને પગભર બને તેઓને આત્મવિશ્વાસ અને સ્વપ્રતિભા વધે અને પોતાના વિકાસમાં તેઓ પોતે જ સાનુકુળ ભાગ ભજવે તે આ પોજેકટનો મુખ્ય ઉદ્દેશ છે.

(૧) ગુજરાતમાં પાયલોટ પ્રોજેકટ તરીકે પંચમહાલ અને સાબરકાંઠાને પસંદ કરવામાં આવ્યાં છે.

(૨) આ પ્રોજેકટ હેઠળ ૧૨૦૦ સ્વયં સહાયીત મહિલા જૂથો રચવામાં આવશે અને દરેક જૂથમાં ૨૦ મહિલાઓ હશે.જેથી કુલ ૨૪૦૦૦ મહિલાઓ સીધી આડકતરી રીતે આ યોજનામાં જોડવાનો ઉદ્દેશ છે.

(૩) આ જુથોને બચત અને ધિરાણ પ્રવૃત્તિઓ હાથ ધરવા પ્રેરિત કરી તેઓને આર્થિક પ્રવૃત્તિમાં જોડવા જરૂરી સહાય અને માર્ગદર્શન જીલ્લાની સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા આપવામાં આવશે.

**(૯) રાષ્ટ્રીય મહિલા કોષ :–**

રાષ્ટ્રની નાણાંકીય સંસ્થાઓ ઘ્વારા આપવામાં આવતી લોનોનો લાભ સામાન્ય રીતે ગરીબ અને અસંગઠિત વર્ગની મહિલાઓ સુધી પુરેપુરો પહોંચતો ન હોવાથી આવા ક્ષેત્રની મહિલાઓને તેઓની નાણાંકીય જરૂરીયાત માટે ઓછામાં ઓછા સમયમાં સરળ રીતે લોન આપી શકે તેવી જરૂરીયાત જણાતાં ભારત સરકારે રાષ્ટ્રીય મહિલા કોષની રચના કરી છે. આ કોષ ઘ્વારા સેવાભાવી સંસ્થાઓ મહિલા ઉત્પાદક સહકારી મંડળીઓ સ્વયં સહાય જુથો ઘ્વારા જરૂરીયાતમંદ મહિલાઓને મધ્યમાં ટૂંકાગાળાની લોન આર્થિક પ્રવૃત્તિઓ માટે આપવાનો ઉદ્દેશ છે.

– આ યોજના હેઠળ આર્થિક ઉપાર્જનની પ્રવૃત્તિ માટે ટૂંકાગાળાની લોન રૂ. ૪૦૦૦/– સુધી અને મધ્યમગાળાની લોન રૂ. ૬૦૦૦/– સુધી આપવામાં આવે છે.

– ટૂંકાગાળાની લોન ૧૫ માસની અંદર અને મધ્યમગાળાની લોન ૩ થી ૫ વર્ષમાં સમયગાળામાં પરત કરવાની હોય છે.

– વ્યાજનો દર ૧૨ ટકા સુધીનો છે.

– મૃત્યુ સહાય તથા પુનઃર્વસન ફંડની યોજના હેઠળ ફાળો ભરતા હોય તો લાભાર્થીનાં મૃત્યુ વખતે બાકી લોન તથા વ્યાજની વસુલાત આ ફંડમાંથી સરભર કરવામાં આવે છે.

## ગુજરાત અનુસુચિત જાતિ આર્થીક વિકાસ નિગમ લી.ની યોજનાઓ :–

**ઉદ્દેશ :–**

ગુજરાત અનુ.જાતિ આર્થિક વિકાસ નિગમ લી.નો મુળભૂત ઉદ્દેશ ગુજરાતનાં ગરીબીરેખા હેઠળ જીવતા અનુ.જાતિનાં ઇસમોને બેન્કેબલ યોજના ધ્વારા નાણાકીય સવલતો પુરી પાડી ચોકકસ સમયમર્યાદામાં ગરીબીરેખા માંથી બહાર લાવી આર્થીક ઉન્નતી કરવાનો છે.

નિયામકશ્રી કુટીર ઉદ્યોગ ખાતુ ગાંધીનગર તરફથી બેન્કેબલ યોજનાઓની યાદી પ્રસિધ્ધ કરવામાં આવી છે. તેમાં રૂા.૩૫૦૦૦/– સુધીની યુનિટ કોસ્ટવાળા બેન્કેબલ ધંધાઓ પરત્વે આ નિગમની જીલ્લા કચેરીઓ મારફતે રાષ્ટ્રીયકૃત બેન્કમાં લોન ધિરાણ માટે ભલામણ કરવામાં આવે છે.

**લોન કોને મળી શકે : (પાત્રતા) :–**

લાભાર્થી અનુ.જાતિના સભ્ય અને ગુજરાત રાજયનો વતની હોવો જોઈએ. અરજદારની ઉમર ૧૮ વર્ષથી ઓછી નહી અને ૬૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અરજદારનાં કુટુંબના બધાજ સાધનોમાંથી મળી વાર્ષિક આવક રૂા.૧૧,૦૦૦/– થી વધારે હોવી જોઈએ નહી.

અરજદાર ધંધા કરવા શકિતમાન હોવો જોઈએ અરજદાર સરકારી કે અન્ય કોઈ નાણાંકીય સંસ્થાનો ડિફોલ્ટર ન હોવો જોઈએ.

અરજદાર કે તેના કુટુંબનો કોઈ સભ્ય સરકારમાં અથવા રાજય કે સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં નોકરી કરતો ન હોવો જોઈએ.

**લોન મેળવવાની પ્રક્રિયા :–**

નાના અને કુટીર ઉદ્યોગો તથા અન્ય વ્યવસાય માટે રાષ્ટ્રીયકૃત બેંકો મારફત લોન મેળવવા માટે જે તે જીલ્લાનાં શહેરી વિસ્તારનાં અનુ.જાતિનાં અરજદારોએ આ નિગમની જીલ્લા મેનેજરશ્રીની કચેરીએથી નિયત કરેલ લોન અરજી પત્રક રેશનકાર્ડ ઉપર મેળવવાનું હોય છે. અરજદાર પાસેથી સંપૂર્ણ વિગત ભરાઇને આવેલ લોન અરજી ફોર્મની યોગ્ય ચકાસણી કરીને લોન ધિરાણ કરે છે.ત્યારબાદ સબસીડી મેળવવા માટે બેંક નિયત નમૂનામાં જરૂરી દરખાસ્ત નિગમનાં જીલ્લા મેનેજરને મોકલે છે. નિગમનાં જીલ્લા મેનેજરશ્રી આવેલ સબસીડીનું પત્રક મોકલાવેલ લોન ફોર્મ સાથે જરૂરી ચકાસણી કરી સબસીડી મંજુર કરી તે અંગેનાં ચેક સબંધીત રાષ્ટ્રીયકૃત બેંકોને મોકલી આવે છે. અને બેંક સબસીડીની રકમ જે તે લાભાર્થીનાં લોન ખાતાઓમાં જમા કરે છે.

**નિગમ તરફથી અમલમાં મુકવામાં આવેલ યોજનાઓ:–**

**(૧) ખાસ કેન્દ્રીય સહાયમાંથી સબસીડી આપવાની યોજના :**

અનુ.જાતિના તમામ વર્ગના લાભાર્થીઓને આપવામાં આવતી સબસીડી એકમ દીઠ કુલ કિંમત (શિટલ યુનિટ કોસ્ટ) નાં ૧/૨ ભાગ અથવા વધુમાં વધુ રૂા.૫૦૦૦/– એ બેમાંથી જે ઓછી હોય તે રકમ સબસીડી તરીકે મંજુર કરવામાં આવે છે.

**(૨) માર્જીનમની ડીપોઝીટ યોજના :–**

રાષ્ટ્રીયકૃત બેંકો ધ્વારા આપવામાં આવેલ ધીરાણની રકમ સાથે માર્જીનમની ડીપોઝીટની યોજાનાં નિયમો મુજબ ઓછામાં ઓછા રૂા.૨૦૦૦/– સુધીનાં ધીરાણની સામે ૨૦ ટકા અને રૂા.૨૦૦૦/–થી ઉમરનાં ધિરાણની સામે ૨૫ ટકા અને વધુમાં વધુ ૩૦૦૦/–રકમ માર્જીનમની ડીપોઝીટ તરીકે જે તે બેંકને ચાર વર્ષની મુદત માટે આપવામાં આવે છે. પરંતુ ઓટોરિક્ષાનાં ધિરાણનાં કિસ્સામાં ધિરાણના ૨૫ ટકા માર્જીનમની ડીપોઝીટ તરીકે જમા આપવામાં આવે છે.

**(૩) પેસેંજર ઓટોરિક્ષા પ્રોજેકટ :– (રૂા.૨૫૦૦૦/– સુધી)**

અનુ.જાતિનાં બેરોજગાર કે જેઓ ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા હોય તેઓ બેંકમાંથી ધિરાણ મેળવી શકે અને રોજગારીને પ્રાત્સાહન મળે તેવો આ યોજનાનો મુખ્ય ઉદ્દેશ છે.

આ યોજનાનો લાભ મેળવવાને પાત્ર બેરોજગાર અનુ.જાતિની વ્યકિતઓ નવી ઓટોરિક્ષા ખરીદવા માટે માન્ય વિક્રેતા પાસેથી વ્યવસ્થા કરી હોય તેવી વ્યકિતઓને રાષ્ટ્રીયકૃત બેંકો તરફથી થયેલ ધિરાણની સામે ખરેખર ધિરાણની રકમનાં ધિરાણની રકમના ૨૫ ટકા સબંધીત બેંકને માર્જીનમની ડીપોઝીટ તરીકે આપવામાં આવે છે. રૂા.૫૦૦૦/– સબસીડી તરીકે ચુકવવામાં આવશે.

**(૪) માલવાહક ઓટોરીક્ષાની યોજના (રૂા.૩૫૦૦૦/–સુધી) :–**

માલવાહક ઓટોરીક્ષામાં પણ પેસેન્જર ઓટોરીક્ષાની માફક ઉપર જણાવ્યા મુજબ વ્યવસ્થા કરી હોય તો બેંકમાં લોન માટે ભલામણ કરવામાં આવે છે. તથા ધિરાણની કુલ કિંમતના ૨૫ ટકા મુજબ માર્જીનમની ની ડીપોઝીટ તથા રૂા.૫૦૦૦/– સબસીડી આપવામાં આવે છે.

**(૫) અંબર સંસ્થા યોજના :–**

આઠ ત્રાંકવાળા અંબર ચરખાની યોજના રાજય સરકારશ્રીએ અમલ કરવા સારૂ આ નિગમને તા.૨૯/૨/૯૩ ના ઠરાવથી જણાવવામાં આવેલ છે. આ યોજનાનો લાભ અનુ.જાતિનાં ઈસમો કે જેની વાર્ષિક આવક રૂા.૧૧૦૦૦/–હશે તેમને જ મળશે તેમજ આઠ ત્રાકવાળા અંબર ચરખાની જે કિંમત હશે તેમાં નિગમ રૂા.૧૭૦૦/–ની સહાય આપશે પરંતુ આ નિગમ તરફથી આઠ ત્રાકવાળા અંબર ચરખા પુરા પાડવા ગુજરાત રાજય ખાદીગ્રામોદ્યોગ બોર્ડ વાડજ,અમદાવાદ સાથે પરામર્શ કરતાં આઠ ત્રાક વાળા ચરખાની જે કિંમત હશે તેમાં નિગમનાં રૂા.૧૭૦૦/– આવતા બાકીની રકમ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ ધ્વારા ચુકવવામાં આવશે, તેવી સમંતિ આપવામાં આવેલ છે.

**(૬) એન.એસ.એફ.ડી.સી. નવી દિલ્હી તરફથી મંજુર થયેલ યોજનાઓ :–**

દબ્ત્સ્:ઘબ્ કિ'ઝભ્મ્ગ્ભિ્મ 'બ્(ૃ બ્ઘમ ('ઝબ્મ્ગ્ભિ્મ ત્ચ્રખ્ભ્( ાચ્ઘબ્ઘ'ભ બ્ઘમ મ્ભ્–િઉ?ભ્ઘૃ હ:ચ્ઉ:ચ્બ્ત્સ્:ઘલ દભ્દ મભ્ઝિય ધ્વારા રાજયનાં અનુ.જાતિના નિગમોને ૪ ટકા વ્યાજનાં દરથી વાયેબલ પ્રોજેકટની યુનિટ કોસ્ટનાં ૬૦ થી ૬૫ ટકા ની મર્યાદામાં લોન તરીકે આપે છે. બાકીની ૨૦ ટકા લોન અનુ.જાતિ નિગમ પોતાની શેરમૂડીની રકમમાંથી માર્જીનમની લોન તરીકે તથા ૧૫ ટકા રકમ જે તે લાભાર્થી એ કાઢવાની શરતે નીચે મુજબની યોજનાઓ તૈયાર કરી નેશનલ શેડ્યુઅલ કાસ્ટ ફાયનાન્સ એન્ડ ડેવલપમેન્ટ કોર્પોરેશન નવી દિલ્હીને મોકલી આપેલ, જે પ્રોજેકટની મંજુરી એન.એસ.એફ.ડી.સી. તરફથી મળી ગયેલ છે. આ પ્રોજેકટનો લાભ અનુ.જાતિનાં અરજદારો કે જેઓની વાર્ષિક આવક રૂા.૨૨૦૦૦/– થી વધુ ન હોય તેવા ઈસમોને મળી શકશે. અરજદારની ઉંમર ૨૧ થી ૪૫ વર્ષની હોવી જોઈએ.

| | | |
|---|---|---|
| (૧) | મેટાડોર (૧૫ શીટવાળુ) મીનીટ્રક | રૂા.૩૧૮૦૦૦/– |
| (૨) | પેસેન્જર ઓટોરીક્ષા | રૂા.૮૪૦૦૦/– |
| (૩) | વિડિયોગ્રાફીની યોજના. | રૂા.૧૦૦૦૦૦/– |
| (૪) | પાવરલૂમ | રૂા.૧૫૦૦૦૦/– |
| (૫) | ફાર્મસી | રૂા.૧૦૦૦૦૦/– |
| (૬) | ફોટોગ્રાફીની યોજના | રૂા.૪૦૦૦૦/– |
| (૭) | સેન્ટરીગ અને આર.સી.સી.ની યોજના | રૂા.૫૫૦૦૦/– |
| (૮) | ટી.વી.રીપેરીંગની યોજના | રૂા.૪૫૦૦૦/– |
| (૯) | કેરીયર ઓટોરીક્ષાની યોજના (ડીઝલ) | રૂા.૮૦૦૦૦/– |
| (૧૦) | દૂધાળા ઢોર(બે જોડ) | રૂા.૨૦૦૦૦/– |

**(૭) અસ્વચ્છ વ્યવસાયમાં પડેલ સફાઈ કામદારોના પુન: સ્થાપન માટેની યોજના :–**

ભારત સરકાર તરફથી અસ્વચ્છ વ્યવસાયમાં પડેલ સફાઈ કામદારોનાં પુન: સ્થાપન તથા તેના આશ્રિતો માટેની એક યોજના આ નિગમને સોંપવામાં આવેલ છે. આવક મર્યાદા રૂા. ૨૨૦૦૦/– (ગ્રામ્ય) અને ૨૩૭૦૦/–(શહેરી) છે.

પુન: સ્થાપન યોજનામાં કોઈપણ ઉદ્યોગ ધંધા માટે રૂા. પાંચ લાખ સુધીની યુનિટ કોસ્ટ હેઠળ રૂ. ૧૦,૦૦૦/– થી રૂ. ૭૫૦૦૦/– સુધીની સબસીડી આપવાની પણ યોજના છે. તાલીમ માટે રૂ.૫૦૦/– ૬ મહિના સુધી સ્ટાયપેન્ડ સહિત કોઈપણ વ્યવસાયની તાલીમ આપવા માટેની યોજના છે.

**(૮) સેકન્ડ ડોઝ આપવા બાબત :–**

સરકારશ્રીનાં નૂતન વીસ સુત્રીય કાર્યક્રમનાં મુદ્દા નં.૧૧(૧) અન્વયે અનુસુચિત જાતિનાં લાભાર્થીઓને લોન ધિરાણ કરાવવામાં આવે છે. નિગમની શરૂઆતથી ૧૯૮૭ સુધી આ નિગમ તરફથી રૂ. ૭૫૦/– સબસીડી આપવામાં આવતી હતી. તે પછી વખતોવખત સુધારો થતાં હાલ પ્રવર્તમાન સબસીડીનો દર રૂ. ૫૦૦૦/– છે. આઈ.આર.ડી.પી. પેર્ટન પ્રમાણે એક લાભાર્થીને ભૂતકાળમાં ઓછી રકમ મળવેથી ધંધો બરાબર ન કરી શકયા ન હોય અને ધંધો કરવાની તૈયારી હોય અને પૂરક મૂડીની જરૂરત હોય તો તેમને સબસીડીનો બીજદ ડોઝ રૂ. ૫૦૦૦/– ની મર્યાદામાં અગાઉની સબસીડી બાદ કરીને મળવાપાત્ર ગણવી જોઈએ. તે બાબતે સરકારે લાભાર્થીઓને રૂ. ૫૦૦૦/– ની મર્યાદામાં સેકન્ડ ડોઝ આપવાની મંજુરી આપતાં અગાઉ નિગમની ભલામણથી લોન/સહાય આપવામાં આવેલ હોય ખજે ગરીબી રેખામાંથી બહાર ન આવ્યા હોય અને ૨૫૦૦૦/– ની મર્યાદામાં સબસીડી મળેલ ન હોય તેવા ઈસમોનાં લોન કેસ નિયમ મુજબ તૈયાર કરી બેંકમાં ભલામણ સહ મોકલી આપવામાં આવે છે.

**(૯) લોન માંડવાળ યોજના :–**

રૂ. ૧૦,૦૦૦/– સુધીની બાકી લોનની વસૂલાત માંડવાળ કરવામાં આવી છે.

**વધુ વિગતો માટે સંપર્ક સાધો :–**

(૧) જનરલ મેનેજરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી.
બ્લોક નં.૧૦, બીજા માળે, જુના સચિવાલય, ગાંધીનગર.

(૨) જિલ્લા મેનેજરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ આર્થિક વિકાસ નિગમ લી.
અથવા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રી, (જીલ્લાના વડા મથકો)

(૩) સમાજ કલ્યાણ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત.

(૪) સમાજ કલ્યાણ નિરીક્ષકશ્રી તાલુકા પંચાયત કચેરી (તાલુકા મથકે)

**અનુસુચિત જાતિઓ માટે સમાજ કલ્યાણ ખાતા દ્વારા અમલમાં મૂકવામાં આવેલ યોજનાઓ :–**

**(અ) કુટિર ઉદ્યોગ – ધંધા માટે નાણાંકીય સહાય :–**

અનુ.જાતિનાં લોકોને બેંકબલ યોજના હેઠળ કુટિર ઉદ્યોગ અને નાના પાયાનાં વ્યવસાયો માટે વ્યકિતદીઠ આપવામાં આવતી રૂ. ૭૫૦/– ની ફ્લેટ સબસીડીનાં બદલે હવે એકમ દિઠ કુલ કિંમત (ટોટલ યુનિટ કોસ્ટ) નાં ૧/૨ ભાગ અથવા વધુમાં વધુ રૂ. ૬૦૦૦/– બેમાંથી જે ઓછી હોય તે રકમ સબસીડી પેટે આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ જે ઈસમોની વાર્ષિક આવક રૂ.૧૧૦૦૦/– થી વધુ ન હોય તેમને જ આપવામાં આવે છે.

જે ઈસમોએ ઉદ્યોગ ધંધો શરૂ કરવા બેંકમાંથી લોન લીધેલ હોય તેમણે આ સહાય મેળવવા નિયત અરજી પત્રક તાલુકા સમાજકલ્યાણ નિરિક્ષક પાસેથી મેળવી તેમાં જરૂરી વિગતો ભરી સાધનિક કાગળો જેવા કે આવકનું પ્રમાણપત્ર જાતિનું પ્રમાણપત્ર વગેરે સાથે તાલુકા કક્ષાએ સમાજકલ્યાણ નિરિક્ષકને અરજી કરવાની હોય છે. તેની ચકાસણી કરી આ સહાય મંજુર કરી બેંકમાં તેની ખાતે જમા કરવામાં આવે છે. આ યોજનાનો અમલ ગુજ. અનુ.જાતિ આર્થિક વિકાસ નિગમ લિ. ગાંધીનગર દ્વારા થાય છે.

**(બ) માનવ ગરિમા યોજના :–**

અનુસૂચિત જાતિનાં જે ઈસમોની વાર્ષિક આવક રૂ. ૧૧૦૦૦/– કરતા વધુ ન હોય અને સ્વરોજગાર મેળવવા બેંક લોન લીધા સિવાય નાનો ધંધો કરવા ઈચ્છતા હોય તેવા ઈસમોને રૂ.૨૦૦૦/– સહાય અને રૂ.૨૦૦૦/– વ્યાજ મુકત લોન આપવામાં આવે છે.

**(૨) કાયદા અને તબીબી સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે નાણાંકીય સહાય :–**

અનુ.જાતિનાં કાયદા સ્નાતકોને વકીલાતનો વ્યવસાય શરૂ કરવા માટે રૂ.૫૦૦૦/– સહાય અને રૂ. ૭૦૦૦/– ની ૪% વ્યાજની લોન આપવામાં આવે છે. આ યોજનામાં આવક મર્યાદા રૂ.૧૦૦૦૦૦/– વાર્ષિક છે. તથા અનુ.જાતિનાં તબીબી સ્નાતકોને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂ.૨૫૦૦૦/– ની સહાય અને રૂ. ૪૦૦૦૦/– ની ૪ ટકા વ્યાજની લોન આપવામાં આવે છે. આ યોજનામાં વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨૪૦૦૦/– છે.

કાયદાનાં સ્નાતકોએ નિયત અરજીપક જિલ્લાનાં પછાતવર્ગ કલ્યાણ અધિકારી પાસેથી મેળવી તેમાં જરૂરી વિગતો ભરી, અભ્યાસ, જાતિ, અને આવકનાં પ્રમાણપત્રો સાધન અરજી પરત કરવાની હોય છે.

**(૩) તબીબી અનુસ્નાતકોને તેમના દવાખાના, પ્રયોગશાળા,મેડીકલ સ્ટોર વિગેરે શરૂ કરવા માટે નાણાંકીય સહાય:–**

અનુ.જાતિનાં એમ.ડી. તથા એમ.એસ.થયેલા ડૉકટરને તેમના સર્જીકલ કલીનીક /નર્સીગ હોમ શરૂ કરવા માટે બેંકો/નાણાંકીય સંસ્થાઓ પાસેથી લીધેલ લોનનાં ૨૫% પ્રમાણે રૂ. ૫૦૦૦૦/– લોન અને રૂા. ૫૦,૦૦૦/– સબસીડી આપવામાં આવે છે. મેડીકલ સ્ટોર અને પેથોલોજીકલ લેબોરેટરી શરૂ કરવા માટે માર્જીનમની તરીકે ૪% ના દરે વધુમાં વધુ ૨૫૦૦૦/– આપવામાં આવે છે.

આ લોન સહાય મેળવવા જિલ્લા પછાત વર્ગ કલ્યાણ અધિકારીશ્રીની કચેરીનો સંપર્ક કરવાનો રહે છે.

**(૪) અનુસુચિત જાતિની મહિલાઓ માટે સિવણ કેન્દ્ર :–**

અનુ.જાતિની બહેનો સીવણની તાલીમ લઈને સીવણ મશીન ખરીદી સિલાઈ કામ દ્વારા પોતાની રોજી મેળવી શકે તે માટે સમાજકલ્યાણ ખાતા ધ્વારા સીવણવર્ગ ચલાવવામાં આવે છે જેમાં સીવણવર્ગમાં તાલીમ લેતી બહેનોને માસિક રૂ.૨૫૦/– સ્ટાઈપેન્ડ તથા તાલીમના અંતે સીવણ મશીન ખરીદવા ૫૦ ટકાના ધોરણે રૂ.૧૫૦૦/– સુધીની સહાય આપવામાં આવે છે.

આવી તાલીમ મેળવવા ઈચ્છતી બહેનોએ જે તે સીવણવર્ગની સંચાલિકાબેન અથવા જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીનો સંપર્ક સાધવાનો રહે છે.

**(૫) શહેરી વિસ્તારનાં નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા માટે લોન/સહાય :–**

નગરપાલિકા તથા પંચાયતોનાં વિસ્તારોમાં સ્થાનિક બજારમાં નાનો વયવસાય શરૂ કરવા માટે દુકાન ખરીદવા અનુ.જાતિનાં ઈસમોને રૂ.૭૫૦૦૦/– ની લોન સહાય આપવાની યોજના અમલમાં છે. જેના રૂ. ૬૦,૦૦૦/– લોન અને રૂ. ૧૫૦૦૦/– સબસીડી આપવામાં આવે છે. રાજય સરકાર હસ્તકનાં બોર્ડ નિગમો ધ્વારા લાંબા ગાળા માટે ભાડા પટ્ટે આપવામાં આવેલ દુકાનો માટે તથા અરજદાર પોતાની

માલિકીની જમીન ઉપર દુકાનો બાંધે તો ગીરો (મોર્ટગેજ) કરવાની શરતે સહાય આપવામાં આવે છે. આ યોજનામાં વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨૪૦૦૦/– સુધીની છે.

**(૬) પેટ્રોલ પંપ, ગેસ, કેરોસીન કે ફુડવિતરણ એજન્સી માટે નાણાંકીય સહાય :–**

અનુસુચિત જાતિનાં શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગારી પુરી પાડવા પેટ્રોલપંપ, ગેસ, કેરોસીન, ફુડવિક્રેતાપદ, ધારણ કરવા માર્જીનમની તરીકે રૂા. ૫૦,૦૦૦/– ની લોન વાર્ષિક ૪% ના દરે આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે સમાજકલ્યાણ ખાતાના નિયામકશ્રીની કચેરીમાંથી નિયત અરજીપત્રક મેળવી જરૂરી વિગતો ભરી સાધનીક કાગળો સહિત અરજી કરવી.

## <u>અનુસુચિત જનજાતિઓ માટેની વિવિધ યોજનાઓ:–</u>

### <u>આદિજાતિ વિકાસ ખાતાની યોજનાઓ :–</u>

**૧) કુટિર ઉદ્યોગ: ધંધા માટે નાણાંકીય સહાય:–**

અનુસુચિત જનજાતિના લોકોને કુટિર ઉદ્યોગ અને નાના પાયાના વ્યવસાયો માટે વ્યકિતદીઠ આપવામાં આવતી રૂ. ૭૫૦/– ની ફ્લેટ સબસીડીનાં બદલે હવે એકમ દીઠ કુલ કિંમત (ટોટલ યુનિટ કોસ્ટનાં) ૫% અને વધુમાં વધુ રૂ. ૫૦૦૦/– બેમાંથી જે ઓછી હોય તે રકમ સબસીડી પેટે આપવામાં આવે છે. અનુ.જનજાતિ પૈકીના આદિમ જુથમાં આવતી જીતઓ જેવી કે કોલધા, કોલચા, કોટવાળીયા, કાથોડી, સિદ્દી, પઢાર, હળપતિ વગેરે જાતિઓ માટે યુનિટ કોસ્ટનાં ૯૦% સુધી નાણાંકીય સહાય આપવામાં આવે છે.

આ યોજનાનો લાભ જે ઇસમોની વાર્ષિક આવક રૂ. ૧૧૦૦૦/– થી વધુ ન હોય તેમને જ આપવામાં આવે છે.

જે વ્યકિતઓએ ઉદ્યોગ/ધંધો શરૂ કરવા માટે બેન્કમાંથી લોન લીધેલ હોય તેમણે આ સહાય મેળવવા નિયત ફોર્મ તાલુકા કક્ષાએ સમાજકલ્યાણ નિરિક્ષક પાસેથી મેળવી તેમાં જરૂરી વિગતો ભરી સાધનિક કાગળો જેવા કે આવકનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર વગેરે સાથે તાલુકા કક્ષાએ સમાજકલ્યાણ નિરિક્ષકને અરજી કરવાની હોય છે. જેની ચકાસણી કરી આ સહાય મંજુર કરી બેંકમાં તેને ખાતે જમા કરવામાં આવે છે. આ યોજનાનો અમલ જીલ્લા સમાજકલ્યાણ અધિકારી પંચાયત મારફતે થાય છે.

**૨) ગરીબલક્ષી યોજના :–**

આ યોજના હેઠળ અનુસુચિત જનજાતિનાં લોકોને કુટિર ઉદ્યોગ અને અન્ય વ્યવસાય માટે સહાય આપવાની બેંકબલ યોજના હેઠળ લોનની મહત્તમ મર્યાદા રૂ. ૧,૦૦,૦૦૦/– અને સહાયનું ધોરણ ૪૦% (રૂ.૨૪૦૦૦/–) સુધી આપવામાં આવે છે. જેના અમલ કરી શ્રી કુ.ઉ મારફતે કરાવવામાં આવે છે.

**૩) માનવ ગરિમા યોજના :–**

અનુ.જનજાતિનાં જે અરજદારોની વાર્ષિક આવક રૂ. ૧૧૦૦૦/– કે તેથી વધુ ન હોય ત્થા તેઓ બેંક લોન લીધા સિવાય નાનો ધંધો કરવા ઇચ્છતાં હોય તો તેવા ઇસમોને રૂ. ૨૦૦૦/– સહાય અને રૂ. ૨૦૦૦/– વ્યાજમુકત લોન આપવામાં આવે છે.

**૪) વાંસ કામ માટે નાણાંકીય સહાય :–**

અનુ.જનજાતિનાં જે ઇસમો વાંસ કામદાર સહકારી મંડળીનાં સભ્ય હોય તો તેઓને ૨૦૦ વાંસની ખરીદી માટે વાંસદિઠ રૂ. ૫/– પ્રમાણે રૂ. ૧૦૦૦/–ની સહાય કરવામાં આવે છે.

**૫) વંશપરંપરાગત ધંધા માટે સહાય :–**

અનુ. જનજાતિનાં જે લોકો વંશપરંપરાગત ધંધામાં રોકાયેલા હોય અને પોતાના આ ધંધાનો વિકાસ કરવા ઇચ્છતા હોય તો વધુમાં વધુ તેઓને આ યોજના હેઠળ મંડળી હોય તો રૂ. ૨૫૦૦/– અને વ્યકિતગત અરજી હોય તો કુલ ખર્ચનાં ૫૦% ધોરણે વધુમાં વધુ ૧૦૦૦ સુધીની સહાય આપવાની યોજના છે. આ યોજનામાં લાભાર્થીની વાર્ષિક આવક મર્યાદા રૂ.૧૧૦૦૦/– રાખવામાં આવેલ છે.

**૬) કાયદા અને તબીબી સ્નાતકોને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે નાણાંકીય લોન / સહાય :–**

અનુ.જનજાતિનાં કાયદાનાં સ્નાતકોને વકીલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂ. ૫૦૦૦/– સહાય અને રૂ. ૭૦૦૦/– લોન આપવામાં આવે છે. આ યોજનામાં આવક મર્યાદા રૂ. ૨૪૦૦૦/– વાર્ષિક છે.

અનુસુચિત જનજાતિના તબીબી સ્નાતકોને પોતાનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂ. ૨૫૦૦૦/– સહાય અને રૂ. ૪૦,૦૦૦/– લોન આપવામાં આવે છે. આ યોજનાની વાર્ષિક આવક મર્યાદા રૂ.૨૪૦૦૦/– છે.

રાજયમાં આદિજાતિ પેટા યોજના વિસ્તારમાં વસતા અનુ.જનજાતિનાં કાયદાની પદવી મેળવીને પ્રેકટીસ કરવા માંગતા યુવાનો તેઓની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવાથી વકીલાતની પ્રેકટીસ કરી શકતા નથી. અને અધવચ્ચે પ્રેકટીસ છોડી દેતા હોય છે. આથી આવા અનુસુચિત જનજાતિનાં સ્નાતક પ્રેકટીસ શરૂ કરી શકે તે માટે તેના પ્રથમ વર્ષે રૂ.૧૦૦૦/– બીજા વર્ષે રૂ. ૮૦૦/– અને ત્રીજા વર્ષે રૂ. ૬૦૦/– દરમાસે સહાય આપવાની યોજના છે. આ વ્યકિતને જે સીનીયર વકીલ વકીલાત કરવાની તક આપે તેને મહિને રૂ.૫૦૦/– ની પ્રોત્સાહક સહાય આપવામાં આવે છે. આ યોજનાનો અમલ પ્રથમ તબકકે સુરત અને અમદાવાદ મથકોએ કરવામાં આવેલ છે.

**૭) તબીબી અનુસ્નાતકોને તેમના દવાખાના, પ્રયોગશાળા,મેડીકલ સ્ટોર વિગેરે શરૂ કરવા માટે નાણાંકીય સહાય:–**

અનુ.જનજાતિનાં એમ.ડી. અને એમ.એસ.થયેલા ડોકટરને તેમના સર્જીકલ /કન્સલટીંગઅને સર્જીકલ કલીનીક નર્સીંગ હોમ શરૂ કરવા માટે બેંકો અથવા નાણાંકીય સંસ્થાઓ પાસેથી લીધેલ લોનનાં ૨૫% પ્રમાણે રૂ. ૨૫૦૦૦/– લોન અને રૂા. ૨૫,૦૦૦/– સબસીડી આપવામાં આવે છે. મેડીકલ અને પેથોલોજીકલ લેબોરેટરી શરૂ કરવા માટે માર્જીનમની તરીકે ૪% ના દરે વધુમાં વધુ ૨૫૦૦૦/– મળી શકશે.

**૮) પેટ્રોલ પંપ, ગેસ, કેરોસીન કે ફુડવિતરણ એજન્સી માટે નાણાંકીય સહાય :–**

અનુસુચિત જનજાતિનાં શિક્ષિત બેરોજગાર યુવાનોને રોજગારી પુરી પાડવા પેટ્રોલપંપ, ગેસ, કેરોસીન, ફુડવિક્રતાપદ, ધારણ કરનારને બેંક/અન્ય નાણાંકીય સંસ્થાના ધિરાણનાં ૨૫% માર્જીનમની તરીકે રૂા. ૫૦,૦૦૦/– વ્યાજમુકત લોન આપવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા માટે આદિજાતિ વિકાસ કમિશનરની કચેરીમાંથી નિયત અરજીપત્રક મેળવી જરૂરી વિગતો ભરી સાધનીક કાગળો સહિત અરજી કરવી.

**૯) અનુસુચિત જનજાતિનાં કારીગરોને માન્ય વર્કશોપ ખાતે તાલીમ :–**

આ યોજના હેઠળ અનુસુચિત જનજાતિનાં યુવાન કારીગરો કે જેમની વાષિૅક આવક રૂ. ૧૨૦૦૦/– થી વધુ ન હોય તેઓને ટર્નીંગ, ફીટીંગ, સુથારીકામ, સાઇકલ રીપેરીંગ વગેરે માટે તાલીમાર્થી ઓને માસિક રૂ. ૧૦૦/– અને શિખવનારને માસિક રૂ.૨૫/– પ્રમાણે ૧૨ માસ સુધી સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવે છે. આ માટે પ્રથમ સમાજ કલ્યાણ અધિકારીની માન્યતા મેળવવાની હોય છે.

આ યોજના નીચે અનુ.જનજાતિનાં યુવાનોને મોટર ડ્રાઈવીંગની તાલીમ આપવામાં આવે છે. તાલીમ આપતી સંસ્થાઓને રૂ.૪૦૦/– તથા તાલીમ લેનારને રૂ.૨૦૦/– સ્ટાઇપેન્ડ ચુકવવામાં આવે છે.

**૧૦) પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો :–**

અનુ.જનજાતિનાં ઉમેદવારો કેન્દ્ર અને રાજય સરકારની નોકરીઓ તથા અર્ધ સરકારી નોકરીઓમાં આરક્ષિત જગ્યાઓ હોવા છતાં તાલીમના અભાવે સારો દેખાવ કરી શકતા નથી. આ માટે તેઓએ અંગ્રેજી, ગણિત, સામાન્ય જ્ઞાન અને અન્ય વિષયમાં તાલીમ આપવા માટે પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો ચલાવવામાં આવે છે. જેમાં ઉમેદવારને બે કે ત્રણ માસની ટૂંકાગાળાની તાલીમ આપવામાં આવે છે. તાલીમાર્થી જો ખાનગી હોસ્ટેલમાં રહેતો રૂ.૨૫૦/– માસિક ભોજન ખર્ચ અને હોસ્ટેલ/ડસ્કોલર તાલીમાર્થીની માસિક રૂ.૨૦૦/–સ્ટાઈપન્ડ અપાય છે. આવક મર્યાદા વાર્ષિક રૂા. ૨૪૦૦૦/– ની છે.

આદિજાતિ વિકાસ ખાતા તરફથી અમદાવાદ, વડોદરા, વલસાડ, સુરત , આહવા, દાહોદ, પાવીજેતપુર, માંડવી, રાજપીપળા, ભીલોડા અને ગાંધીનગર મુકામે આવા તાલીમ કેન્દ્રો ચાલે છે. તે સ્થળોએ આ ખાતાના તાલીમ અધિકારીઓ મારફત આ યોજનાનો અમલ થાય છે.

સરકારી કે અર્ધસરકારી નોકરીઓ માટે આવેલ જાહેરાતનાં અનુસંધાનમાં જેઓએ અરજી કરેલ હોય તેઓને તાલીમ આપવા માટે ખાતા તરફથી વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવે છે. ખાતાની જાહેરાત અન્વયે ઉમેદવારે અરજી કરવાની હોય છે. મળેલ અરજીઓની ચકાસણી કરી યોગ્ય જણાતાં ઉમેદવારોને ઈન્ટરવ્યુમાં બોલાવી તાલીમ માટે પસંદ કરવામાં આવે છે.

**૧૧) સ્ટેનોગ્રાફી અને ટાઈપીંગ તાલીમ યોજના :–**

અનુસુચિત જનજાતિનાં શિક્ષિત બેરોજગાર યુવાનોને રાજ્ય સરકારની,બેંકની, કોર્પોરેશનની અનામત જગ્યાઓ પર નોકરી મેળવી શકે તે માટે જિલ્લા કક્ષાએ પૂર્વ પરીક્ષા તાલીમ વર્ગો ચલાવવામાં આવે છે. તે મુજબ હાલ અમદાવાદ અને વડોદરા ખાતે સ્ટેનોગ્રાફી અને ટાઈપીંગનાં વર્ગો ચલાવવામાં આવે છે. તાલીમ લેતાં હોય તેવા વિદ્યાર્થીઓને માસિક રૂ.૫૦૦/– અને વિદ્યાર્થીનીઓને માસિક રૂ.૬૦૦/– સ્ટાઈપન્ડ તરીકે આપવામાં આવે છે. જયારે પુસ્તકો માટે રૂ.૫૦૦/– આપવામાં આવે છે.

**૧૨) શહેરી વિસ્તારનાં નાના વ્યવસાયકારોને ધંધાનું સ્થળ/દુકાન ખરીદવા માટે લોન સહાય:–**

મહાનગરપાલિકા, નગરપાલિકાઓ ત્થા નગર પંચાયત વિસ્તારોમાં સ્થાનિક બજારમાં નાનો વ્યવસાય કરવા માટે દુકાન ખરીદવા અનુ.જનજાતિનાં ઈસમોને રૂ. ૫૦,૦૦૦/- લોન સહાય આપવાની યોજના અમલમાં છે. જેમાં રૂ. ૪૦,૦૦૦/- લોન અને રૂ. ૧૦,૦૦૦/- સબસીડી આપવામાં આવે છે. રાજ્ય સરકાર હસ્તક બોર્ડ અથવા નિગમો ધ્વારા લાંબા ગાળા માટે ભાડા પટ્ટે આપવામાં આવેલ દુકાનો માટે ત્થા અરજદાર પોતાની જમીન દુકાન બાધે તો ગીરો (મોર્ટગેજ) કરવાની શરતે સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવક મર્યાદા રૂ. ૨૪૦૦૦/- ની છે.

**૧૩) આઈ.એ.એસ./ આઈ પી એસ અને અન્ય સંલગ્ન સેવાઓ માટે તાલીમ યોજના :-**

અનુ.જનજાતિનાં વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ કે જે આઈ.એ.એસ./આઈ પી એસ જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરવા માટે યુનિવર્સીટી કે સંસ્થાની દેખરેખ નીચે તાલીમ લેતાં હોય તેવા વિદ્યાર્થીઓને માસિક રૂ. ૫૦૦/- અને વિદ્યાર્થીઓને માસિક રૂ.૬૦૦/- સ્ટાઈપન્ડ તરીકે આપવામાં આવે છે. જ્યારે પુસ્તકો માટે રૂ. ૫૦૦/- આપવામાં આવે છે. આ યોજનાનો અમલ યુનિવર્સીટી મારફત થાય છે. તેમજ સરદાર પટેલ રાજ્ય વહીવટ ભવન અમદાવાદ ધ્વારા આઈ.એ.એસ.ની તાલીમ આપવામાં આવે છે.

**(૨) ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન : ગાંધીનગર.**

કોર્પોરેશનનું મુખ્ય કાર્યાલય ગાંધીનગર મુકામે છે. જિલ્લા/તાલુકા અને ગ્રામકક્ષાએ આ કોર્પોરેશનના કાર્યાલયો નથી પરંતુ ૯ પ્રાયોજનાનાં વિસ્તારની પ્રાયોજનાના વહીવટદારની કચેરીઓમાંમાં કોર્પોરેશનનાં એક આસી. મેનેજર અને એક કારકુનને કામગીરી માટે નિમણુંક આપવામાં આવેલ છે. પ્રાયોજના વિસ્તારની કચેરીઓની વિગત નીચે મુજબ છે.

**<u>પ્રાયોજના વહીવટદારની કચેરી, સંકલિત આદિજાતિ વિકાસ કાર્યક્ષમની કચેરી :-</u>**

(૧) આહવા જિ.ડાંગ (૨) વાસદા જિ.વલસાડ (૩) સોનગઢ જિ.સુરત (૪) માંડવી જિ.સુરત (૫) રાજપીપળા જિ.સુરત (૬) છોટાઉદેપુર જિ.વડોદરા (૭) દાહોદ જિ.પંચમહાલ (૮) ખેડબ્રહમા જી.સાબરકાંઠા (૯) પાલનપુર જિ.બનાસકાંઠા.

**<u>નિગમ દ્વારા અમલમાં મૂકાયેલ યોજનાઓ :-</u>**

આ કોર્પોરેશન આદિજાતિઓનાં સામાજીક અને આર્થિક ઉત્કર્ષ માટે જુદા જુદા ૩૭ વિનિમયો હેઠળ આદિજાતિ સભ્યોની બહુમતી ધરાવતી સહકારી મંડળીઓ મારફત આદિજાતિ સભ્યોને આઠથી ૧૨ ટકાના હળવા વ્યાજના દરે જુદી જુદી પ્રવૃત્તિઓ માટે ધિરાણ પુરૂ પાડવામાં આવે છે.

## <u>સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગોની રોજગાર યોજનાઓ :-</u>

**૧) કુટિર ઉદ્યોગ અને નાના વ્યવસાયો :-**

કુટિર ઉદ્યોગ અને નાનના વ્યવસાયો શરૂ કરવા માટે રાજ્ય સરકાર તરફથી નાણાંકીય સહાય આપવામાં આવે છે. રાષ્ટ્રીયકૃત બેંક કે નાણાંકીય એજન્સી દ્વારા કરવામાં આવેલ ધીરાણની રકમના ૩૩.૧/૩% લેખે રૂા. ૫૦૦૦/- ની મર્યાદામાં તેવા અતિપછાત ૧૨ જાતઓના લાભાર્થીઓને ૫૦% લેખે રૂા. ૫૦૦૦/- ની સહાય આપવામાં આવે છે. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર તરફથી મંજુર થયેલ ૩૬૩ જેટલા કુટિર ઉદ્યોગો માટે આ સહાય આપવામાં આવે છે. તેમજ બેંકને માર્જીનમનીની ડીપોઝીટની રકમ પણ આપવામાં આવે છે. આ યોજનાનો અમલ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા કરવામાં આવે છે. આવક મર્યાદા રૂા. ૧૧૦૦૦/- છે.

**૨) માનવ ગરિમા યોજના સ્વરોજગારી યોજના :-**

૧૯૯૫-૯૬ માં રાજ્ય સરકારે નવી અમલમાં મૂકેલી "માનવ ગરિમા યોજના" નીચે સ્વરોજગારી માટે રૂ. ૨૦૦૦/- સહાય આપવામાં આવે છે. આવક મર્યાદા વાર્ષિક રૂ. ૧૧૦૦૦/- છે. ત્થા વાંસકામ, વંશપરંપરાગત વ્યવસાય માટે વાસ કામદાર મંડળી ના સભ્યને એક વખત માટે જ ૨૦૦ વાસની મર્યાદામાં ૫૦% ના ધોરણે રૂ ૧૦૦૦/- સુધી સહાય આપવામાં આવે છે. આ યોજનાના અમલ જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી (વિ.જા.) ધ્વારા કરવામાં આવે છે.

**૩) કાયદા સ્નાતકોને વકિલાતનાં વ્યવસાય માટે/ તબીબી સ્નાતકોને સ્વતંત્ર કલીનીક શરૂ કરવા માટે સહાય :-**

કાયદાનાં સ્નાતકોને વકિલાતનો સ્વતંત્ર વ્યવસાય શરૂ કરવા માટે રૂા. ૭૦૦૦/- લોન અને ૫૦૦૦/- સહાય ત્થા તબીબી સ્નાતકોને સ્વતંત્ર દવાખાનું શરૂ કરવા માટે રૂા. ૨૫૦૦૦/- સહાય અને રૂા. ૪૦,૦૦૦/- લોન તેમજ એમ.ડી. એમ.એસ. ડૉકટરને સર્જીકલ નર્સીગ હોમ શરૂ કરવા માટે રૂા.૭૫૦૦/- સહાય અને ૨૨૫૦૦/- લોન ૪% ના દરે આપવામાં આવે છે.

**૪) તાલીમ માટે સહાય :-**

આ જાતિઓની બહેનો કુટુમ્બની આવકમાં મદદરૂપ બને તે હેતુથી સરકારશ્રી તરફથી ૨૭ મહિલા સિવણવર્ગો ચાલે છે. જેમાં છ માસની તાલીમ અને માસિક રૂા. ૨૫૦/– સ્ટાઈપન્ડ આપવામાં આવે છે. તાલીમનાં અંતે શિવણ મશીન ખરીદવા ૫૦ ટકાનાં ધોરણે રૂા. ૧૫૦૦/– સહાય મળે છે. વાર્ષિક આવક મર્યાદા રૂા. ૧૨૦૦૦/– છે.

**૫) પૂર્વ પરિક્ષા તાલીમ અને સહાય :–**

સરકારી અને અર્ધ સરકારી નોકરીઓ મેળવવા માટે ઈન્ટરવ્યુમાં સારો દેખાવ કરી શકે તે માટે ગણિત અંગ્રેજી અને સામાન્ય જ્ઞાન  તથા અન્ય વિષયોમાં તાલીમ મળી રહે તે માટે ખાતા તરફથી પૂર્વ પરીક્ષા તાલીમ કેન્દ્રો ચલાવવામાં આવે છે.

જેમાં સામાજીક શૈક્ષણિક પછાત વર્ગનાં ઉમેદવારોને ત્રણ માસ સુધી ટૂંકાગાળાની તાલીમ આપવામાં આવે છે. રાજયમાં અમદાવાદ, વડોદરા, રાજકોટ, મહેસાણા, સુરત અને જુનાગઢ ખાતે ૬ તાલીમ કેન્દ્રો ખોલવામાં આવ્યાં છે. આ યોજનાનો અમલ ખાતાના તાલીમ અધિકારીઓની દેખરેખ હેઠળ થાય છે. વાર્ષિક આવક મર્યાદા ૧૨૦૦૦/– છે.

આઈ એ એસ આઈ પી એસ જેવી ઉચ્ચ કક્ષાની પરીક્ષા માટે તાલીમ લેતાં વિદ્યાર્થીઓને માસિક રૂા. ૧૦૦૦/– લેખે સ્ટાઈપન્ડ ચુકવવામાં આવે છે. તેમજ પુસ્તકો ખરીદવા માટે રૂા. ૧૦૦૦/– સુધીની સહાય આપવામાં આવે છે. વાર્ષિક આવકમર્યાદા રૂા. ૨૪૦૦૦/– છે. પરંતુ કન્યાઓ માટે આવક મર્યાદા નથી.

**૬) દુકાન માટે લોન સહાય :–**

વાર્ષિક રૂા. ૨૪૦૦૦/– સુધીની આવક ધરાવનાર ને પોતાના ધંધા માટે દુકાનો ખરીદવા માટે રૂા. ૫૦૦૦૦/– ની મર્યાદામાં ૮૦ ટકા લોન અને ૨૦ ટકા સહાય આપવાની યોજના છે. શહેરી વિસ્તારોમાં પણ આ યોજનાનો લાભ મળે છે.

**<u>ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ ડૉ.જીવરાજ મહેતા ભવન બ્લોક નં.૧૧, ગાંધીનગરની યોજનાઓ :–</u>**

રાજ્ય સરકારે સામાજીક અને શૈક્ષણિક પછાતવર્ગનાં લોકોનાં સામાજિક અને આર્થિક ઉન્નતિનાં કાર્યો હાથ ધરવા માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ અધિનિયમ–૧૯૮૫ હેઠળ રૂા. ૧૫ કરોડની તા.૬–૭–૮૭ થી આ નિગમની રચના કરી છે.

આ નિગમ દ્વારા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના આર્થિક ઉત્કર્ષ માટે માન્ય ગ્રામોદ્યોગ, ગૃહ ઉદ્યોગ, ધંધા રોજગારનાં  કાર્યક્રમો અંગે રાષ્ટ્રીયકૃત, ગ્રામીણ, સહકારી બેંકો મારફતે કરવામાં આવતા ધિરાણ સાથે સહાય ચૂકવવામાં આવે છે. બેંકેબલ યોજનામાંથી લોડીંગ રીક્ષા અને પેસેન્જર રીક્ષાની યોજના રદ કરવામાં આવેલ હોત આ અંગેની અરજીઓ બેંકોને મોકલવામાં આવશે નહી.

આ યોજના ૩૦–૯–૯૮ થી આ નિગમને તબદીલ કરવામાં આવેલ છે. આ યોજના હેઠળ નિગમ અમલીત યોજનાઓમાં સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગનાં લાભાર્થીઓને રાષ્ટ્રીયકૃત બેંક ગ્રામીણ બેંક  અથવા સહકારી બેંકે ધિરાણ કરેલ હોય તો તેની સામે અત્રેથી લાભાર્થીને સહાય આપવામાં આવે છે.

આ સહાય ધિરાણ કરેલ રકમનાં ૩૩.૧/૩% લેખે વધુમાં વધુ રૂ. ૫૦૦૦/– ની મર્યાદામાં આપવામાં આવે છે. જ્યારે ધીરાણ મેળવનાર લાભાર્થીને સરકારે જાહેર કરેલ અતિ પછાત જાતિનાં હોય તો તેને ધિરાણનાં ૫૦% વધુમાં વધુ રૂ.૫૦૦૦/– ની મર્યાદામા રહીને સહાય કરવામાં આવે છે. આ સહાય લાભાર્થીને જે બેંક તરફથી ધિરાણ કરવામાં આવ્યું હોય તે બેંકમાં લાભાર્થીના લોન ખાતામાં જમા કરાવવામાં આવે છે. આવક મર્યાદા વાર્ષિક રૂા. ૧૧૦૦૦/– છે.

**<u>ગુજરાત લઘુમતિબોર્ડ / નિગમની યોજનાઓ :–</u>**

(૧) તા.૧૪.૧૧.૭૯ થી રચેલ આ બોર્ડનું ૭–૧૦–૯૭નાં ઠરાવથી નિગમમાં રૂપાંતર થયેલ છે. તે ધાર્મિક લઘુમતીઓ મુસ્લીમ,ખ્રિસ્તી,શીખ,બૌધ્ધ અને પારસી અને ભાષાકિય લઘુમતીઓ ઉર્દૂ,સિંધી,મરાઠી પૈકી ૨૯ મુસ્લીમ કોમો અને ૧ ખ્રિસ્તી એમ કુલ ૩૦ જાતિઓનો વિકસીત જાતિ/બક્ષીપંચમાં સમાવેશ થાય છે.

(૨) રાષ્ટ્રીય લઘુમતી વિકાસ અને નાણાં નિગમ (દ્દોમાહ)  દિલ્હી તરફથી લઘુમતી કોમની વ્યક્તિઓને ઓટોરિક્ષા, કેરીયર રીક્ષા, કોમ્પ્યુટર, ઝેરોક્ષ વિગેરે વાહનો સાધનો ખરીદવા સરળતાથી ધિરાણ મળી શકે છે.

(૩) મોટર ડ્રાઈવીંગ તાલીમ માટે સંસ્થાને રૂા. ૪૦૦/– અને તાલીમી વ્યક્તિને ત્રણ માસ સુધી માસિક રૂા. ૧૦૦/– આપવામાં આવે છે.

(૪) ભરત ગૂંથણ, સિવણ,હસ્તકલા,દિવાસળી, હીરા ઘસવાની તાલીમની યોજના હેઠળ સંસ્થાને તાલીમાર્થીદીઠ રૂા. ૧૦૦/- માસિક ફી અને તાલીમ લેનારને માસિક રૂા. ૧૦૦/- સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે.

(૫) વાર્ષિક આવક રૂા. ૪૮૦૦/- (ગ્રામ વિસ્તાર) અથવા રૂા. ૫૫૦૦/- (શહેરી વિસ્તાર) થી ઓછી આવકવાળાને દુધાળા ઢોર,ઘેટા વગેરે ખરીદવા બેન્ક લોન સામે ૩૩.૧/૩% અથવા રૂા. ૩૦૦૦/- સહાય મળે છે.

ઉપરની યોજના માટે બોર્ડને અરજી કરવી.

સરનામુઃ- ગુજરાત અલ્પ સંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિ.
બ્લોક નં.૧૧, ડૉ.જીવરાજ મહેતા ભવન, બીજા માળે
ગાંધીનગર - ૩૮૨૦૧૦.

## <u>સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના :-</u>

**(૧) સ્વરોજગાર માટે બેંકેબલ યોજના :-**

**(ગચ્ખ્ભ્ધ કભ઼ી) ભ?ઉ઼ઃિથ઼?ભ્ધ઼૮ .ચ઼ઃન્ઋ઼?ચ્ધ઼ન ઢ ગ ક ભ . )**

શહેરી ગરીબી નિવારણ માટેનો આ કાર્યક્રમ ૧ લી ડિસેમ્બર ૧૯૯૭ થી દેશભરમાં અમલમાં મુકેલ છે. શહેર વસતાં ગરીબો માટેનો આ અગત્યનો કાર્યક્રમ છે.

હાલ આ કાર્યક્રમ શહેરી વિસ્તારનાં રૂ. ૩૭૩.૧૬ સુધીની સભ્યદિઠ માસિક આવક ધરાવતાં શહેરી પરિવારોની યાદી તૈયાર કરી, યાદી પરનાં લાભાર્થી પરિવારો તેમને અનુકુળ આર્થિક પ્રવૃત્તિ માટેની જરૂરી અસ્કયામતો માટે સરકારી સહાય સાથે બેંક લોન આપવામાં આવે છે. જેમાં લાભાર્થીની લાયકાત વગેરેના ધોરણો નીચે પ્રમાણે છે.

| **ક્રમ વિગત** | | **ધોરણ / મર્યાદા.** |
|---|---|---|
| ૧. ઉંમર | : | ૧૮ વર્ષથી વધુ |
| ૨. અભ્યાસ | : | વધારેમાં વધારે ૯ ધોરણ સુધી. |
| ૩. નિવાસ | : | જે તે નગરપાલિકા વિસ્તારમાં ઓછામાં ઓછા ત્રણ વર્ષથી રહેતો હોવો જોઈએ |
| ૪. આવક | : | સભ્યદિઠ રૂ. ૩૭૩.૧૬ માસિક આવક |
| ૫. મહતમ ધિરાણ મર્યાદા | : | રૂા. ૫૦,૦૦૦/- |
| ૬. માર્જીનમની | : | ૫ ટકા રોકડમાં |
| ૭. વ્યાજનો દર | : | રિઝર્વ બેંક તરફથી વખતોવખત નકકી થાય તે. |
| ૮. સહાય (સબસીડી) | : | ૧૫ ટકા (વધારેમાં વધારે રૂ. ૭૫૦૦/-) |
| ૯. લોન ભરપાઈ કરવાની મુદત | : | ૩ થી ૭ વર્ષ (૬ માસથી ૧૮ માસના મોરેટોરીયળ ઉપરાંત) |

**નોંધ:-** કોઈપણ બેંકનાં મુદત વતી બાકીદારને આ યોજનાનો લાભ મળી શકશે નહીં.

રાજ્ય કક્ષાએ 'મ્યુનીસીપલ ફાઈનાનસ બોર્ડ' આ યોજના માટે નોડલ એજન્સી તરીકે કામગીરી બજાવે છે. ગુજરાત રાજ્યની બધીજ નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓ ધ્વારા ઉપરોકત લાયકાત ધરાવતા લાભાર્થી આ યોજના નીચે લાભ મેળવી શકે છે.)

**<u>આ યોજના નીચે લોન અરજી માટેની કાર્ય પધ્ધતિ:-</u>**

સબંધીત નગરપાલિકા, મહાનગરપાલિકા લોન અને સહાય માટે અરજીઓ તૈયાર કરતી વખતે નીચેની બાબતોની પૂરતી કાળજી લેશે.

૧. લાભાર્થી સાથે પુરો પરામર્શ કરી તેની સમગ્ર પીરસ્થિતિ ચકાસી તેને અનુકુળ ધંધા/યોજના નકકી કરવી.

૨. લાભાર્થી માટે આર્થિક પ્રવૃત્તિ નકકી કરતી વખતે બેન્ક મેનેજરની સહાય લેવી તથા પરામર્શ કરવો.

૩. લાભાર્થીની લોન અરજીનાં ફોમૃમાં વિગતો સ્પષ્ટ વાંચી શકાય તેવી રીતે ભરી લાભાર્થીને વંચાવી, સમજણ આપવી અને ત્યારબાદ સહી લેવી. લોન અરજી સાથે જરૂરી બિડાણો અચૂક મોકલવા.

આ યોજનાની લોન અરજી સાથે આપવાની વિગતો :–

૧. નિયત નમૂનાનું અરજી પત્રક.
૨. અરજીપત્રકના જમણાં ભાગ પર પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડવો.
૩. રેશનકાર્ડની પ્રથમ ત્થા બીજા પાનાની ઝેરોક્ષ.
૪. ઉમરનો દાખલો– સ્કૂલ લિવીંગ સર્ટી. અથવા ડૉકટર પાસેથી મેળવેલ ઉમરના દાખલો.
૫. આવકનો દાખલો અથવા નિયત નમૂનામાં આવકનું પ્રતિજ્ઞા પત્ર (ગરીબી રેખા નીચે જીવતા કુટુંબોના સર્વની યાદીમાં નામ હોય તે પુરતું ગણાશે. તેનો ક્રમ નંબર લખવો તેવા કિસ્સામાં અલગ દાખલાની જરૂર રહેશે નહીં)
૬. શૈક્ષણિક લાયકાત તથા અનુભવનો દાખલો,તલાટી,ચીફ ઓફીસર નગરપાલિકાનાં પ્રમુખ અથવા જે તે વેપારી પાસેથી લાવવો.
૭. ખરીદ કરવાના સાધન,ઓજાર,મશીનરી ત્થા કાચા માલના ભાવ પત્રકો સેલ્સટેક્ષ નંબર ધરાવતા વેપારી પાસેથી અથવા ઉત્પાદક પાસેથી
૮. જે જગ્યાએ ધંધો કરવો હોય તે સ્થળનો આધાર જેવી કે સીટી સર્વેની નકલ વેરાબીલની નકલ વગેરે.
૯. જે જગ્યાએ ધંધો કરવાનો હોય તે સ્થળનું વિજળીબીલ.
૧૦. ધંધાના સ્થળનાં માલિકનું જગ્યા વાપરવાનું સંમતિપત્રક.
૧૧. ધંધાના સ્થળનું વીજળી બીલ જેના નામે હોય તેનું વીજળી વાપરવા માટેનું સંમતિપત્રક.
૧૨. સસ્તા અનાજની દુકાન માટે કલેકટરશ્રી/મામલતદારશ્રીની પરવાનગીની નકલ.

## <u>પશુપાલન ખાતાની યોજનાઓ :–</u>

**ખેતીવાડી સ્નાતકો (ખઈકહેબન્ચુલ ખઈ તભ'ઝેબન્ચુલ ખઈકહે જ:ચ્ત્ચ'ગ્ત્ત્ગ્ચુ દ્વારા એગ્રો સર્વીસ સેન્ટર ખોલવાની યોજના :–**

શહેરથી દૂરનાં વિસ્તારમાં રહેતા ખેડૂતોને તેમના નજીકનાં સ્થળે તમામ સુધારેલા એગ્રો ઈનપુટ જેવા કે રાસાયણિક ખાતરો, જંતુનાશક દવાઓ, સુધારેલા બિયારણો, ખેત ઓજારો વગેરે ત્થા ખેતી અંગેની ટેકનીકલ જાણકારી પુરી પાડવા માટે ખેતીવાડી સ્નાતકો દ્વારા એગ્રો સર્વીસ સેન્ટરો સ્થાપ્યા છે.

આ યોજના માટે ખેતીવાડી સ્નાતકોનો સમાવેશ કરવામાં આવે છે. હાલ કાર્યરત કેન્દ્રથી ૧૦ કિ.મી. અંતરથી વધારે અંતર ધરાવતા ગામની પસંદગી કરી કેન્દ્ર માટે પસંદગી આપવામાં આવે છે.

ઉમેદવારની પસંદગી નીચેની બાબતો પર આધારિત છે :–

(૧) લાયકાત :– (એ) બી.એસ.સી. (એગ્રિ.) (બી) બી.ટેક.(એગ્રિ.) (સી) બી.એસ.સી. (હોર્ટીકલ્ચર)
(૨) સ્થળ :– પસંદગીના સ્થળથી બીજા કેન્દ્ર વચ્ચે ૧૦ કિ.મી.નું અંતર સામાન્ય રીતે.
(૩) ડિપોઝીટ :– રૂા. ૧.૦૦ લાખ ભરવાની ક્ષમતા.
(૪) ધંધાની સૂઝ :– અનુભવ અને ખેતીનું સામાન્ય જ્ઞાન પસંદ કરાયેલ ઉમેદવારને રાસાયણિક ખાતર જંતુનાશક દવાઓના વેચાણ માટે લાયસન્સ, ત્થા ગુજરાત સ્ટેટ ફર્ટીલાઈઝર કંપની ત્થા ગુજરાત નર્મદાવેલી કંપની ત્થા આયાતી ખાતરો પૂરા પાડવામાં આવે છે.

વધુ માહિતી માટે નીચેની સંસ્થાનો સંપર્ક સાધવો :–
ગુજરાત એગ્રો–ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ.
એગ્રો સર્વીસ ડિવિઝન
ભવાની ચેમબર્સ, ત્રીજા માળે,
આશ્રમ રોડ, અમદાવાદ

ગુજરાત સરકારનાં કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગ હેઠળ પશુપાલન ખાતુ કાર્યશીલ છે. ખાતાના વડા તરીકે પશુપાલન નિયામક, પશુ સારવાર, પશુ સંવર્ધન, મરઘાવિકાસ ઘેટા બકરાં વિકાસ અન્ય પશુધન વિકાસ ત્થા ઘાસચારા વિકાસ અને ડેરી વિકાસ જેવા તાંત્રિક પાસાઓ સાથે તેના વિકાસની યોજનાઓ સંભાળે છે.

**<u>બેરોજગાર પશુચિકિત્સા સ્નાતકને ખાનગી પશુ દવાખાનું શરૂ કરવા સહાયની યોજના :–</u>**

બેરોજગાર પશુચિકિત્સા સ્નાતકને રોજગારી મેળવવા ખાનગી પશુ દવાખાનું શરૂ કરવા પ્રોત્સાહીત કરવા સહાય આપવાનું વિચારેલ છે. અને આયોજન કરવામાં આવેલ છે.

આ યોજના હેઠળ ૧૦ પશુચિકિત્સા સ્નાતકને સહાય આપવાનું આયોજન છે. જેમાં લાભાર્થી દવાખાનું શરૂ કરે ત્યારથી પ્રથમ વર્ષે રૂા. ૨૫૦૦/– પ્રતિમાસ, બીજા વર્ષે રૂા. ૨૦૦૦/– પ્રતિમાસ અને

ત્રીજા વર્ષે રૂા. ૧૫૦૦/– પ્રતિમાસ આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જેમાં દર માસે રૂા.૫૦૦/– સહાયકને તથા દરમાસે રૂા.૨૫૦/– મકાન ભાડા પેટે અને બાકીના સ્નાતકને સહાય પેટે મળે છે. આ ઉપરાંત લાભાર્થીને પશુ સારવાર માટે વિઝીટે જવા મોટર સાયકલ ખરીદી ઉપર વધુમાં વધુ રૂા. ૫૦૦૦/– સહાય આપવાનું નક્કી કરવામાં આવેલ છે. આ ઉપરાંત દવાખાનું શરૂ કરવા ખાતાએ નક્કી કરેલ સાધન સામગ્રીની ખરીદી માટે રૂા. ૮૩૦૦૦/– સામે વધુમાં વધુ રૂા. ૨૦૦૦૦/– સહાય આપવાનું નક્કી કરવામાં આવેલ છે.

**<u>વધુ માહીતી માટે:–</u>**

પશુપાલન નિયામકશ્રીની કચેરી
કૃષિભવન,ચ–૩,
ગાંધીનગર